શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

**પ્રથમ વર્ષ**

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

**[સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા] અભ્યાસ- ૧૦**

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા.,

શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

**સૌજન્ય : અ.સૌ. પ્રેમિલાબાઈ પ્રમોદ મોમાયા. કચ્છ સાંયરા. હાલ : ઘાટકોપર**

# સૂત્ર - વિધિ અને રહસ્ય

## (દસ પચ્ચક્ખાણ)

પાપથી પાછા હટવા... તન-મનને સંયમમાં લાવવા... કર્મની નિર્જરા કરવા... વિવિધ પ્રકારના તપ શાસ્ત્રકાર મહર્ષિઓએ બતાવ્યા છે. તપ કરવા મનોબળ અને આત્મબળને કેળવવાની આવશ્યકતા છે. એ મનોબળ અને આત્મબળની વૃદ્ધિ માટે પચ્ચક્ખાણ અતિ આવશ્યક છે. પચ્ચક્ખાણ વિનાનું તપ ફળદાયી નથી. અતિઅલ્પ ફળની પ્રાપ્તિ થાય છે. એ માટે તપ સાથે પચ્ચક્ખાણ અનિવાર્ય છે.

પચ્ચક્ખાણ અનેક પ્રકારના છે તેમાં મુખ્ય દસ છે. આપણે અહિં દસ પચ્ચક્ખાણ અને એના સ્વરૂપને સમજવાનો સફળ પ્રયત્ન કરીશું...

### ૧. નમુક્કાર સહિઅંનું પચ્ચક્ખાણ

**સૂરે ઉગ્ગએ નમુક્કાર સહિઅં પચ્ચક્ખાઈ. ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થણા ભોગેણં સહસાગારેણં વોસિરઈ.**

### ૨. પોરિસી સાઙ્ઢપોરિસી પચ્ચક્ખાણ

**સૂરે ઉગ્ગએ પોરિસિં સાઙ્ઢપોસિરસિં પચ્ચક્ખાઈ. ચઉવ્વિહંપિ આહારં અસણં પાણં ખાઈમં સાઈમં અન્નત્થણાભોગેણં સહસાગારેણં પચ્છન્નકાલેણં દિસામોહેણં સાહુવયણેણં સવ્વસમાહિવત્તિયાગારેણં**

વોસિરઈ.

## ૩. પુરિમઙ્ઢનું પચ્ચક્ખાણ

સૂરે ઉગ્ગએ, પુરિમઙ્ઢં પચ્ચક્ખાઈ. ચઉવ્વિહંપિ આહારં; અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઈ.

## ૪. એકાસણાનું પચ્ચક્ખાણ

સૂરે ઉગ્ગએ, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઙ્ઢપોરિસિં, પુરિમઙ્ઢં, પચ્ચક્ખાઈ. ચઉવ્વિહંપિઆહારં; અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં,સહસાગારેણં પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, એકાસણં, પચ્ચક્ખાઈ. તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા,અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ.

## ૫. એકાલઠાણાનું પચ્ચક્ખાણ.

સૂરે ઉગ્ગેએ, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઙ્ઢપોરિસિં, પુરિમઙ્ઢં, પચ્ચક્ખાઈ. ચઉવ્વિહંપિઆહારં; અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં,સહસાગારેણં પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં,એકલઠાણં, પચ્ચક્ખાઈ. તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા,અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઈ.

## ૬. વિગઈ નિવિગઈનું પચ્ચક્ખાણ

વિગઈઓ નિવિગઈઅ પચ્ચક્ખાઈ. અન્નત્થણાભોગેણં,સહસાગારેણં લેવાલેવેણં ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિઆગારેણં, (ઉષ્ણ પાણી પીનારાઓએ ''પાણસ્સ લેવેણ વા૦'' આદિ છ આગારો કહેવા.) વોસિરઈ.

## ૬. નિવિગઈ (નીવી)નું એકાસણાના આગાર સહિત

### ઉપર પ્રમાણેનું પચ્ચક્ખાણ.

સૂરે ઉગ્ગએ, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઙ્ઢપોરિસિં, પુરિમઙ્ઢં, પચ્ચક્ખાઈ. ચઉવ્વિહંપિ આહારં; અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં,સહસાગારેણં પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, નિવિગઈ એકાસણું, પચ્ચક્ખાઈ. તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણ, ઉક્ખિત્તવિવેગેણં, પડુચ્ચમક્ખિએણં, સાગારિઆગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણં વા, બહુલેવેણ વા, સસિત્થેણવા, અસિત્થેણવા, વોસિરઈ.

## ૭. આયંબિલનું એકાસણાના આગાર સહિત પચ્ચક્ખાણ.

**સૂરે ઉગ્ગએ, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, પુરિમઢ્ઢં, પચ્ચક્ખાઈ. ચઉવ્વિહંપિઆહારં; અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં,સહસાગારેણં પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, આયંબિલં એકાસણં પચ્ચક્ખાઈ. તિવિહંપિ આહારં, અસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણ, ઉક્ખિત્તવિવેગેણૅં, સાગારિઆગારેણં, આઉંટણપસારેણં, ગુરુઅબ્ભુટ્ઠાણેણં, પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણં વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા અસિત્થેણ વા, વોસિરઈ.**

## ૮. ચઉવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ

**સૂરે ઉગ્ગએ, અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ. ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં વોસિરઈ.**

## ૮. તિવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ

**સૂરે ઉગ્ગએ, અભત્તટૂઠં પચ્ચક્ખાઈ. તિવિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પારિટ્ઠાવણિઆગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં પાણહાર, નમુક્કારસહિઅં, પોરિસિં, સાઢ્ઢપોરિસિં, પુરિમઢ્ઢં, પચ્ચક્ખાઈ. ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણ, પાણસ્સ લેવેણ વા, અલેવેણ વા, અચ્છેણ વા, બહુલેવેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા વોસિરઈ.**

## ૮. ચઉત્થ-છટ્ઠ-અટ્ઠમભત્તાદિકનું પચ્ચક્ખાણ.

**સૂરે ઉગ્ગએ, [૧]ચઉત્થભત્તં અભત્તટ્ઠં, પચ્ચક્ખાઈ૦ સૂરે ઉગ્ગએ [૨]છટ્ઠભત્તં અભત્તટ્ઠં, પચ્ચક્ખાઈ૦ સૂરે ઉગ્ગએ [૩]અટ્ઠમભત્તં અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ૦ સૂરે ઉગ્ગએ [૪]દસમભત્તં અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ૦ સૂરે ઉગ્ગએ [૫]બારસભત્તં અભત્તટ્ઠં પચ્ચક્ખાઈ ઈત્યાદિ પ્રકારે આગાર સહિત કહેવું.**

## ૯. રાત્રિના ચૌવિહાર પચ્ચક્ખાણ

**દિવસચરિમં પચ્ચક્ખાઈ. ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, વોસિરઈ.**

## ૧૦. ગંઠસહિયાદિ અભિગ્રહોનું પચ્ચક્ખાણ

**સૂરે ઉગ્ગએ ગંઠસહિઅં મુટ્ઠિસહિઅં, પચ્ચક્ખાઈ. ચઉવ્વિહંપિ આહારં, અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થણા ભોગેણં, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, વોસિરઈ.**

### *<u>પચ્ચક્ખાણોની સમજ</u>*

સૂરે ઉગ્ગએ / સૂર્યોદયથી માંડીને બે ઘડી પ્રમાણ એટલે રાત્રિ ભોજનનો દોષ નિવારવા માટે બે ઘડી પછી નમુક્કાર સહિઅં/ નવકાર સહિત એટલે નવકાર કહીને પારીએ ત્યાં સુધી પચ્ચક્ખાઇ /

પચ્ચખ્ખાણ છે. (એટલે કે નિયમ છે.)

પચ્ચખ્ખાણ શાનું કરે છે ? ચઉવિહંપિ આહારં/ ચારે પ્રકારના આહારનું. તે ચારે પ્રકારના આહારનાં નામ આ પ્રમાણે છે. (૧) અસણં–અશન એટલે મિષ્ટાન, ભાત, દાળ ઇત્યાદિ. (૨) પાણં– પાણી / જળ. (૩) ખાઇમં– પિસ્તા, બદામમાદિ ખાદિમ (૪) સાઇમં– સુવા, ધાણા, એલચી ઇત્યાદિ સ્વાદિમ.

આ ચારે પ્રકારના આહારનો 'અન્નત્થણા ભોગેણં, સહસાગારેણં' એ બે આગારની જયણા રાખીને વોસિરઇ / વોસિરાવવો.

પોરિસી પચ્ચખ્ખાણમાં સૂર્યોદયથી દિવસનો એક ચતુર્થાંશ ભાગ જાય ત્યાં સુધી; સાઢ પોરિસી પચ્ચખ્ખાણમાં દિવસનો છ આની ભાગ જાય ત્યાં સુધી; પુરિમઙ્ઢ પચ્ચખ્ખાણમાં દિવસનો અર્ધો ભાગ જાય ત્યાં સુધી ; અવઙ્ઢ પચ્ચખ્ખાણમાં દિવસનો પોણો ભાગ જાય ત્યાં સુધી. આ રીતે ચતુર્વિધ આહારનો ત્યાગ કરવાનાં પચ્ચખ્ખાણ કરાય છે.

આ બધા પચ્ચખ્ખાણો વિધિપૂર્વક નવકાર ગણીને પારવાના છે.(આ પચ્ચખ્ખાણોમાં આવતા આગરો અને બ્યાસણું, એકાસણું, એકલઠાણું, નીવી, વિગઇ, નીવિગઇ, આયંબિલ, ઉપવાસ, ગંઠિસહિયં, મુઠ્ઠસહિયં અને દિવસચરિમં ઇત્યાદિ પચ્ચખ્ખાણોમાં આવતા આગારોના અર્થો આ પછી આપેલા પંદર આગારોના અર્થ વિવેચનમાં જાણવા.)

દરેક પચ્ચખ્ખાણોના અર્થો અલગ અલગ આપ્યા નથી. પચ્ચખ્ખાણોમાં જે જે આગારો આવે છે તે તે આગારોની જયણા રાખીને પચ્ચખ્ખાણ કરાય છે. તેથી તે તે આગારો પ્રમાણે કદાચ થઇ જાય તો પચ્ચખ્ખાણનો ભંગ થતો નથી, બ્યાસણા આદિથી ઉપવાસ સુધીના તપમાં અચિત્ત પાણી અને બ્યાસણાં આદિ આયંબિલ સુધીના પચ્ચખ્ખાણોમાં અચિત્ત પાણીની જેમ ખોરાક પણ અચિત્ત લેવાય. એમાં સચિત્ત ખોરાક ખવાય નહિ. સચિત્ત પાણી પિવાય નહિ.

**બ્યાસણું :** બે વખત બેસીને અસણં/ ભોજન કરીએ તે બેઆસણં કહેવાય. આ તપ નમુક્કાર સહિયં પચ્ચખ્ખાણથી પણ થઇ શકે.

**એકાસણું :** એક જ વખત એક આસને બેસી અસણં /ભોજન કરીએ તે 'એકાસણં' કહેવાય. આ તપ ઓછામાં ઓછા પોરિસી પચ્ચખ્ખાણથી થઇ શકે.

**એકલઠાણું :** આ તપ એકાસણાની જેમ જ કરાય છે. પણ એ તેમાં ભોજન કરતી વખતે હાથ, પગ આદિ અવયવોને સંકોચાય કે પસારાય નહિ, ફક્ત ભોજન કરવા માટેનો એક હાથ અને મુખ એ બે જ ચાલવી શકાય.

**નીવી :** આ તપ એકાસણાની જેમ જ જાણવું. પરંતુ, તેમાં માખણ ઉતારેલી છાશ અને આયંબિલમાં વાપરવાની વસ્તુઓ સિવાય બીજું વાપરી શકાય નહિ.

**આયંબિલ :** આ તપ એકાસણાની જેમ જ જાણવું. પરંતુ એમાં વિગઇઓ વાપરી શકાય નહિ. ફક્ત પાણીથી રાંધેલું અનાજ એક વખત વાપરી શકાય. (હાલમાં મીઠું, મરી, હિંગ પણ વાપરવાની પ્રથા છે.)

**ઉપવાસ :** ચૌવિહાર ઉપવાસમાં ચારે પ્રકારના આહારમાંથી કાંઇ પણ વાપરી શકાય નહિ, તિવિહાર ઉપવાસમાં ત્રણ ઉકાળા આવી જાય, એવું ઉકાળેલું પાણી પોરિસી પચ્ચખ્ખાણ પછી વાપરી શકાય.

## પચ્ચખ્ખાણોના પંદર આગારોનાં નામ(અર્થ સહિત)

**૧. અન્નત્થણા ભોગેણં :** અન્યત્રાનાભોગાત્ અર્થાત્ વીસરવા થકી– તે અહીં પચ્ચખ્ખાણનો

ઉપયોગ વીસરવા થકી અજાણપણે અનુપયોગે કોઇ વસ્તુ મુખમાં પ્રક્ષેપ કર્યાથી પચ્ચખ્ખાણ ભંગ ન થાય, પરંતુ વચમાં પચ્ચખ્ખાણ સાંભરે તે વખતે તરત મુખથી ત્યાગ કરે / થૂંકી નાખે તો પચ્ચખ્ખાણ ન ભાંગે. અથવા તો અજાણપણે મુખથી હેઠું ઊતર્યા પછી થોડી વારે યાદ આવ્યું અથવા તરત યાદ આવ્યું તો પણ પચ્ચખ્ખાણ ન ભાંગે. પણ શુદ્ધ વ્યવહાર માટે નિઃશંક ન થાય, તેથી યથાયોગ્ય પ્રાયશ્ચિત લેવું. (આ રીતે સર્વ આગારોને વિષે જાણી લેવું.)

**૨. સહસ્સાગારેણં :** જે પચ્ચખ્ખાણ કર્યું છે, તેનો ઉપયોગ તો વીસર્યો નથી, પણ કાર્ય કરવામાં પ્રવર્તતતાં સ્વભાવે જ મુખમાં પ્રવેશ થાય. જેમ દહીં વલોવતાં છાંટો ઊડી મુખમાં પડે અથવા ચૌવિહાર ઉપવાસે ચોમાસામાં વરસાદનો છાંટો પડે તો તેથી પચ્ચખ્ખાણ ભાંગે નહિ.

**૩. પચ્છન્ન કાલેણં :** કાળની પચ્છન્નતાંતે મેઘ આદિ, ગ્રહ, આદિ, દિગ્દાહ, રજોવૃષ્ટિતથા પર્વત અને વાદળથી સૂર્ય ઢંકાઇ જાય, તેથી વખતનો બરાબર ખ્યાલ ન આવે. આવા અજાણપણાથી અધૂરી પોરિસીએ પણ પોરિસી પૂર્ણ થઇ એમ માની પચ્ચખ્ખાણ પારવામાં આવે, તો તેથી પચ્ચખ્ખાણ ભાંગે નહિ. કદાપિ એ રીતે અધૂરી પોરિસીએ જમવા બેઠા કે તે વખતે તડકો જોવામાં આવે અને ખબર પડે કે હજી તો સવાર જ છે, પોરિસીનો વખત પૂર્ણ થયો નથી, તો તે વખતે મોઢામાં નાખેલું હોય, તે રાખમાં પરઠીને ત્યાં જ બેસી રહે, અને યાવત્ પોરિસી પૂર્ણ થયા પછી જમે તો પચ્ચખ્ખાણ ભાંગે નહિ.

**૪. દિશા મોહેણં :** દિશિને મૂઢપણે એટલે દિશિવિપર્યાસ થયાથી પૂર્વને પશ્ચિમ અને પશ્ચિમને પૂર્વ કરી જાણે, એમ અજાણતાં પચ્ચખ્ખાણ વહેલું પરાય, તો તેનો ભંગ ન થાય. થોડું જમ્યા પછી કોઇના કહેવાથી જાણવામાં આવે તો મુખમાંનો કોળિયો થૂંકી નાખે. એ રીતે દિશિનો મોહ ટળ્યા પછી અર્ધજમ્યો બેસી રહે તો પચ્ચખ્ખાણ ભંગ ન થાય.

**૫. સાહુ વયણેણં :** ઉઘાડા પોરિસી એવા સાધુનાં વચન સાંભળી પોરિસી થઇ જાણીને પચ્ચખ્ખાણ પારે તો પચ્ચખ્ખાણ ભંગ ન થાય. પછી જયારે જાણવામાં આવે કે સાધુ તો છ ઘડી થયે પોરિસી ભણે છે; ત્યારે પહેલાંની જ રીતે બેસી રહે તો પચ્ચખ્ખાણ ભાંગે નહિ.

**૬. લેવા લેવેણં :** લેપ અલેપ તે ઘૃત ઇત્યાદિ જે વિગઇનો ત્યાગ સાધુને હોય તેવી વિગઇથી ગૃહસ્થનો લેપાયેલો હાથ લૂછી નાખ્યો હોય તો તેવા હાથથી; અથવા ખરડાયેલો (ચમચો) લૂછીને તેનાથી વહોરાવે અથવા પીરસે તો પચ્ચખ્ખાણ ભાંગે નહિ.

**૭. ગિહત્થ સંસટ્ઠેણં :** ગૃહસ્થનાં વાટકો ઇત્યાદિ પાત્રો ખરડાયાં હોય અને તેનાથી તે અન્ન આપે તો વિગઇથી ખરડાયેલું અન્ન જમાય તો પણ પચ્ચખ્ખાણ ભાંગે નહિ.

**૮. ઉક્ખિત્ત વિવેગેણં :** ગોળ, પકવાન, ઇત્યાદિ ગાઢ વિગઇના ટુકડા રોટલી ઇત્યાદિ પર નાખેલા હોય અને તે ઉપાડીને દૂર કરે, તો તેથી રોટલી ઇત્યાદિ લેતાં પચ્ચખ્ખાણ ભાંગે નહિ.

**૯. પડુચ્ચ મખ્ખિએણં :** રોટલા ઇત્યાદિને સુંવાળા રાખવાને અર્થે મોણ દીધું હોય અથવા હાથ ચોપડીને કરી હોય તો તે રોટલી ઇત્યાદિ લેતાં પચ્ચખ્ખાણ ભંગ ન થાય.

**૧૦. સાગારિ આગારેણં :** સાધુ આહાર કરવા બેઠા હોય અને ત્યાં ગૃહસ્થ આવે અને પછી તે ચાલ્યા જાય, તો એક ક્ષણ સબૂર કરે અને બેસી રહે. પણ જો ગૃહસ્થ ત્યાં ઊભો જ રહે અને તેની નજર પડે તો સાધુ ત્યાંથી ઊઠીને બીજે સ્થાનકે આહાર લે. ગૃહસ્થના દેખતાં આહાર કરે તો પ્રવચનોપઘાતાદિક

મહાદોષ લાગે એવું સિદ્ધાંતમાં કહ્યું છે. અને આ અંગે ગૃહસ્થને માટે એવો ઉલ્લેખ છે કે ગૃહસ્થ એકાસણું કરવા બેઠા પછી જેની દૃષ્ટિ પડતાં અન્ન પચે નહિ, એવા કોઇ પુરુષની દૃષ્ટિ પડે અથવા સર્પ આવે, ચોર આવે, કેદી આવીને ઊભો રહે, અકસ્માતે આગ લાગે, ઘર પડવા માંડે, પાણીની રેલ આવે– આવાં કારણે તે પોતાની જગ્યાએથી બીજી જગ્યાએ જઇ એકાસણું કરે તો પચ્ચખ્ખાણ ભાંગે નહિ.

**૧૧. આઉંટણ પસારેણં :** જમવા બેઠા પછી હાથ, પગ, આદિ અંગોપાંગ પસારતાં કે સંકોચતાં આસન ચલાયમાન થાય તો પચ્ચખ્ખાણ ભાંગે નહિ.

**૧૨. ગુરુ અબ્ભુટ્ઠાણેણં :** પચ્ચખ્ખાણે જમવા બેઠા છતાં ગુરુ (આચાર્ય, ઉપાધ્યાય, સાધુ) આવે તો તેમનો વિનય સાચવવાને માટે બે પગ ઠામે રાખી ઊઠવું. તેનાથી પણ પચ્ચખ્ખાણ ભાંગે નહિ.

**૧૩. પારિટ્ઠાવણિઆગારેણં :** વિધિવત્ નિર્દોષપણે ગ્રહણ કરેલું પરઠવતાં અને વહેંચી આપેલું અન્ન સાધુએ વિધિયુક્ત વાપરતાં કાંઇ વધ્યું હોય તેવા પારિષ્ઠાયન યોગ્ય અધિક અન્નને જીવ વિરાધના આદિ ઘણા દોષો ઊપજે છે. એવું જાણીને તેવાં અન્ન તથા વિગઇ આદિને ગુરુની આજ્ઞાએ એકાસણા આદિથી માંડીને ઉપવાસ પર્યંત પચ્ચખ્ખાણવાળાને જમતાં પચ્ચખ્ખાણ ભાંગે નહિ. (પણ એટલું વિશેષ જાણવું કે, ચૌવિહાર ઉપવાસમાં પાણીનું પારિઠાવણિઆગારેણં થાય અને તિવિહાર ઉપવાસમાં અન્નાદિનું પારિઠાવણિઆગારેણં આગાર યતિને હોય, શ્રાવકને ન હોય. તથાપિ આલાવો તૂટે નહિ તે માટે ગૃહસ્થને પચ્ચખ્ખાણમાં એક જ પાઠ સંલગ્ન કહેતાં દોષ નથી.

**૧૪. મહત્તરાગારેણં :** પચ્ચખ્ખાણમાં કર્મનિર્જરાનો લાભ થાય છે, તે કરતાં પણ અત્યંત મોટો નિર્જરાનો લાભ જે કાર્યમાં થતો હોય અર્થાત્ કાંઇ ગ્લાન, પ્રાસાદ, સંઘ અથવા દેવના વૈયાવચ્ચના અર્થે બીજી કોઇ વ્યક્તિથી તે કાર્ય થઇ શકતું ન હોય, તો તે વખતે ગુરુ તથા સંઘના આદેશ / આજ્ઞાથી વખત પૂર્ણ થયા વિના પણ જો પારવામાં આવે તો પચ્ચખ્ખાણ ભંગ ન થાય.

**૧૫. સવ્વ સમાહિવત્તિઆગારેણં :** સર્વ પ્રકારે શરીરમાં અસમાધિ / અસ્વસ્થતા રહે એટલે પચ્ચક્ખાણ કર્યા પછી તીવ્ર શૂળાદિ રોગ ઉત્પન્ન થાય અથવા સર્પાદિનો ડંશ થયો હોય, તો તે વેદનાથી જીવ આર્તિમાં પડે. જયારે અકસ્માત કષ્ટ થાય ત્યારે સર્વ ઈન્દ્રિયની સમાધિને અર્થે અપૂર્ણ પચ્ચખ્ખાણે પણ પથ્ય ઔષધાદિ લેવાં પડે, તો તેથી પચ્ચખ્ખાણ ભંગ ન થાય. (સમાધિ થયા પછી આગલો વિધિ કરવો.)

## અચિત્ત પાણીના છ આગારો

જમ્યા પછી અચિત્ત પાણી પીવાની છૂટ છે.

**૧. લેવેણ વા :** 'લેવેણ વા' પાણી એટલે અન્નાદિથી ભાજનાદિ ખરડાય, તે લેપકૃત પાણી. આચામ્લ તથા ઓસામણ ગાળીને પીએ–આદિ શબ્દ થકી દ્રાક્ષાદિ, આમ્લાદિ, પાનકાદિ જાણવાં, તે પીવાથી પચ્ચખ્ખાણ ભંગ ન થાય.

**૨. અલેવેણ વા :** અલેપકૃત પાણી એટલે સૌવીર, કાંજી, ધોવણ આદિ શબ્દથી ગડૂલજરવાણી ઇત્યાદિ પીએ, તો પચ્ચખ્ખાણ ભંગ ન થાય.

**૩. અચ્છેણ વા :** અચ્છ/ઉષ્ણ જળ. ત્રણ ઉકાળાવાળું તથા બીજું પણ નિર્મળ ઉકાળેલું પાણી, નીતર્યું ફલાદિનું ધોવણ ઇત્યાદિ પીએ, તો પચ્ચખ્ખાણ ભંગ ન થાય.

**૪. બહુલેવેણ વા :** બહુ લેપ એટલે ડહોળું, ચોખા પ્રમુખનું ધોવણ. તેને ગાળીને પીએ તો પચ્ચખ્ખાણ ભંગ ન થાય.

**પ. સસિત્થેણ વા :** સિત્થ સહિત તે અન્નાદિ દાણાના સ્વાદ વિનાનું ધોવણ તથા દાથરાદિકનું ધોવણ તેને ગાળીને પીએ તો પચ્ચખ્ખાણ ભંગ ન થાય.

**૬. અસિત્થેણ વા :** સિત્થ રહિત કણક પ્રમુખે હાથ ખરડ્યો હોય, તેનું ધોવણ ગાળી પીએ તો પચ્ચખ્ખાણ ભંગ ન થાય.

## છ વિગઈના ત્રીસ નિવિયાતા

ભોજન કરતાં જેનાથી કામાદિ ઉન્માદ રૂપ વિકાર થાય તે 'વિગઇ' કહેવાય. આવી વિગઇઓ સર્વે મળીને દશ છે. તેમાં માંસ, મદિરા, માખણ અને મધ– એ ચાર તો અભક્ષ્ય જ છે. બાકીની છ ભક્ષ્ય વિગઇઓ આ પ્રમાણે છે : ૧. દૂધ, ૨. દહીં, ૩. ઘૃત, ૪. તેલ, ૫. ગોળ, ૬. પકવાન્ન. આ છ પ્રકારની મૂળ વિગઇઓ છે. તેના પ્રત્યેકના પાંચ પાંચ નિવિયાતા ગણતાં એકંદરે ત્રીસ નિવિયાતા થાય છે.

**૧. દૂધના નિવિયાતા :** (૧) દૂધ ઘણું હોય અને ચોખા થોડા હોય, તેને 'પેયા' કહે છે. (૨) ખાટી છાશ સહિત જે દૂધ અર્થાત દૂધમાં ખટાશ નાખી પકાવીએ અથવા ત્રણ દિવસની પ્રસૂતા ગાયનું દૂધ ઉકાળીએ તેને 'દુદ્ધઠી' કહે છે. (૩) દ્રાક્ષ, ટોપરાદિ નાખીને રાંધેલા દૂધને 'પયસાડી' કહે છે. (૪) ચોખાનો થોડો લોટ નાખીને રાંધેલા દૂધને 'અવલેહી' કહે છે. (૫) ચોખા ઘણા અને દૂધ થોડું– એમ રાંધુલાને 'ખીર' કહે છે.

(ભેદાંતરે તેના પણ ઘણા ભેદો થાય છે.)

**૨. દહીંના નિવિયાતા :** (૧) દહીંને ઘોળીને અથવા ઉકાળીને વડાં નાખવામાં આવે તેને 'ઘોલવડાં' કહે છે. (૨) દહીં ઘોળીને વસ્ત્રમાંથી ગાળીએ, તેને 'મથેલું' કે છાણેલું' દહીં કહે છે. (૩) દહીંને હાથથી મંથન કરી તેમાં ખાંડ નાખવામાં આવે તેને 'શિખરિણી' કે 'શીખંડ' કહે છે. (૪) દહીં અને રાંધેલા ચોખાને ભેગા કરવાથી 'કરંબો' કહેવાય છે. (૫) મીઠું નાખીને મંથન કરેલું દહીં હોય, તેને 'સલવણ' કહે છે.

(ભેદાંતરે તેના પણ ઘણા ભેદો થાય છે.)

**૩. ઘૃતના નિવિયાતા :** (૧) ઔષધિ નાખીને પકાવેલું ઘૃત 'પકવઘૃત' કહેવાય છે. (૨) ઘૃતની કીટી (મેલ)ને 'ઘૃતની કીટી' કહેવાય છે. (૩) ઘૃતમાં કોઇ ઔષધિ પકાવી હોય, તો તેની ઉપરની તરીના ખંડાદિક સહિત ઘૃતને 'નિબ્ભંજન' કહે છે (ત્રણ ઘાણ તળ્યા પછી રહેલું ઘૃત અથવા શીરાદિક ઉપરનું ઉતારી લીધેલું ઘૃત જાણવું) (૫) દહીંની તરીમાં ઘઉંનો લોટ નાખીને તાવડે પકાવીએ, તેને 'વિસંદણ' કહે છે.

(આ ઉપરાંત તેના પણ ભેદાંતરે અન્ય ભેદો થાય છે.)

**૪. તેલના નિવિયાતા :** (૧) પાણીમાં પીલેલા તલની સાડી કરીને તેમાં ખાંડાદિ નાખે તે 'તિલકુટી' કહેવાય. (૨) તેલની મલી. (૩) લાક્ષાદિ દ્રવ્યોથી પકાવેલું તેલ. (૪) પાકેલા ઔષધની તરી. (૫) ત્રણ ઘાણ પછીનું બળેલું તેલ.

(તેના પણ ભેદાંતરે ઘણા ભેદો થાય છે.)

**૫. ગોળના નિવિયાતા :** (૧) અર્ધો પકાવેલો શેરડીનો રસ. (૨) ગોળવાણું, ગોળની રાબ, ગોળના પાણીમાં લોટ નાખવો. (૩) સાકરની સર્વ જાત. (૪) ખાંડની સર્વ જાત. (૫) ગોળની પાતી.

(તેના પણ ભેદાંતરે ઘણા ભેદો થાય છે.)

**૬. પકવાન્નના નિવિયાતા :** (૧) ખાજાં વડે કડાઇ ભરાઇ ગઇ હોય તો તેથી બીજું ખાજું નિવિયાતું થાય છે. પણ તેમાં બીજું ઘૃત નાખવું ન જોઇએ. તે જ ઘૃત વડે પકાવીએ તે. (૨) એકની ઉપર એક નાખીએ. એમ ત્રણ ઘાણ ઉપરાંત તે જ ઘૃતમાં જે ચોથો પકાવીએ તે. (૩) ગોળ–ધાણી, ગોળપાપડી ઇત્યાદિ. (૪) પાણી, ગોળ અને ઘૃત ભેગાં ઉકાળીને પછી તે પાણીમાં લોટ નાખી રાંધેલી લાપસી કરાય. (૫) ચોપડેલા તાવડાની ઉપર પુડલા ઇત્યાદિ કરવામાં આવે તે.

(એના પણ ભેદાંતરે ઘણા ભેદો થાય છે.)

આ છ પ્રકારની વિગઇઓમાંથી એક પણ વિગઇના પચ્ચખ્ખાણને 'વિગઇ પચ્ચખ્ખાણ' કહેવાય. છ વિગઇનું પચ્ચખ્ખાણ કરવું, તેને 'નિવિગઇઅ પચ્ચખ્ખાઇ' કે નિવિનું પચ્ચખ્ખાણ' કહેવાય. તેમાં શ્રાવકને નિવિયાતા લીધા કલ્પે નહિ. જો સળંગ તપ માંડ્યું હોય, તો તેમાં ત્રણ દિવસ પછી નિવિયાતા લીધા કલ્પે. સાધુને એક નિવિમાં નિવિયાતા લીધા કલ્પે છે. વિગઇ તથા નિવિયાતાનો નિયમ કરે અને આયંબિલ પચ્ચખ્ખે, તો આયંબિલમાં જે વસ્તુ કલ્પે, તે વસ્તુ ટાળીને બીજી સર્વ વસ્તુઓનો નિયમ લે.

## ચાર પ્રકારના આહાર

**૧. અસણં /અશન :** શાલી, જુવાર, ગોધૂમ, બંટી, મગ, મઠ, અને તુવેર ઇત્યાદિ સર્વે કઠોળ અને સાથવો આદિ સર્વ જાતના લોટ, મોદકાદિ સર્વ જાતનાં પકવાન્ન, સૂરણાદિક સર્વ જાતના કંદ અને માંદા પ્રમુખ સર્વ જાતની કેળવેલી વસ્તુઓ તેમ જ વેસન, વરિયાળી, ધાણા, સુઆ 'અશન' કહેવાય.

**૨. પાણં / પાણી :** કાંજી ચોખા અને કાકડી ઇત્યાદિનાં ધોવણ, નદી ઇત્યાદિ સર્વ જળાશયોનાં પાણી; તેમ જ સાકરવાણી, દ્રાક્ષવાણી, આંબલવાણી અને શેરડીનો રસ ઇત્યાદિ સર્વ યદ્યપિ પાણીમાં આવે છે, તથાપિ તેને વ્યવહારથી 'અશન' જ કહેવાય.

**૩. ખાઇમં /ખાદિમ :** ખારેક, બદામ, શિંગોડા, ખજૂર, કોપરાં, દ્રાક્ષ, પિસ્તા ઇત્યાદિ સર્વ જાતનો મેવો; કાકડી, આંબા, ફણસ નાળિયેર ઇત્યાદિ સર્વ જાતનાં ફળ; શેકેલું ધાન્ય જેવાં કે ધાણી, પૌંઆ, પાપડ ઇત્યાદિ સર્વે 'ખાદિમ' કહેવાય છે.

**૪. સાઇમં / સ્વાદિમ :** સૂંઠ, હરડે, પીપર, મરી, અજમો, જાયફળ, કેસેલો, કાથો, ખસખસ, જેઠીમધ, તજ, તમાલપત્ર, એલચી, લવિંગ, જાવંત્રી, સોપારી, પાન, બીડલવણ, આજો, અજમો, અજમોદ, કલિંજણ, પીપરમૂળ, ચીની કબાબ, કચૂરો, મોથ, કાંટાશેળિયો, કપૂર, સંચળ, બહેડાં, આમળાં, હીંગાષ્ટક, હીંગ, ત્રિવિસો, પુકરમૂળ, જવાસામૂળ, બાવચી, વઉલછાલ, ધવછાલ, ખીજડાછાલ, પાન, પંચકુલ, તુલસી અને જીરું, (જીરાને 'પચ્ચખ્ખાણ ભાષ્ય' તથા 'પ્રવચન સારોદ્ધાર'માં 'સ્વાદિમ' કહ્યું છે. 'કલ્પવૃત્તિમાં 'ખાદિમ' કહ્યું છે. અજમાને પણ કેટલાક 'ખાદિમ' કહે છે.) ઉપરાંત કોઠપત્ર, કોઠવડી, આમલગંડી, લીંબુપત્ર, આંબા–ગોટલી ઇત્યાદિ 'સ્વાદિમ' કહેવાય છે.

## અનાહાર પદાર્થો

લીંબડાનાં પાંચ અંગ (મૂળ, છાલ, પત્ર, ફળ, ફૂલ), ગૌમૂત્ર, ગળો, કડુ, કરિયાતું, અતિવિષ, સુખડ, રાખ, હળદર, રોહિણી, ઉપલેટ, વજ, ત્રિફળા, ધમાસો, નાહી, આસંધ, રીંગંગણી એળિયા, ગુગળ, વોણિમૂળ, બદરી, કંથરીમૂળ, કેરડામૂળ, પુંઆડ, આછી, મજીઠ, બોલબીઓ, કુંઆરી, ચિત્રો, કુંદરુ, તમાકુ, આદિ અનિષ્ટ સ્વાદવાળી વસ્તુઓ, તથા સ્વાદ વિના રોગાદિકને કારણે ચતુર્વિધ આહારાદિક કલ્પે. અફીણ ઇત્યાદિ વિષે પણ એમજ સમજવું, એટલે કે તે ખાતાં જીવને અરુચિ ઉપજે, અળખામણી લાગે, તે સર્વ અનાહાર છે.

# શ્રાવક કોને કહીએ ?

**બહુમન્નઈ ધમ્મ ગુરું**
**પરમુવયારિ ત્તિ તત્તબુદ્ધિએ,**
**તત્તો ગુણાણ વુઢી,**
**ગુણારિહો તેણિહ કયન્નૂ...૨૬**

કૃતજ્ઞ પુરુષ ધર્મગુરુ વગેરેને ખરી બુદ્ધિથી પરમોપકારી ગણીને તેમનું બહુમાન કરે છે. તેથી ગુણોની વૃદ્ધિ થાય છે. માટે કૃતજ્ઞજ બીજા ગુણોને યોગ્ય ગણાય છે....૨૬

ધર્મ જેને કરવો છે... ધર્મ આચરણ કરીને પુરાણા પાપોને ધોઇને જબરજસ્ત પુણ્યોદય પ્રાપ્ત કરવો છે એવા જીવોને માટે ધર્મરત્ન પ્રકરણમાં સુંદર વાત જણાવી છે. ધર્મરૂપી રત્નને ખરીદવા જીવનમાં ગુણોને પ્રગટ  કરવાની આવશ્યકતા દર્શાવી છે. અહીં કૃતજ્ઞતાના ગુણના મહત્વને સમજાવતાં કહે છે–

જીવનમાં કૃતજ્ઞતા હોય તો ધર્મગુરુ વગેરે પરમ ઉપકારી જણાય... એમના પ્રત્યે બહુમાન જાગૃત થાય... ગુણોનો ભંડાર છલકાઇ જાય.

આપણામાં કૃતજ્ઞતા છે કે નહિં જાણવા આપણે પોતાના જાતની ઉલટ તપાસ કરીએ. પોતાની જાતને સવાલ પૂછીએ–

''શું–દેવ–ગુરુ, માતા–પિતા વગેરે મને પરમ ઉપકારી હોય એવું લાગે છે ?'' ''એમના પ્રત્યે હૃદયમાં... વાણીમાં... વર્તનમાં...બહુમાન છે ?'' અને ''શું મારું જીવન વિવિધ ગુણોથી છલકાઇ રહ્યું છે ?''

ખેદ પૂર્વક કહેવું પડશે કે વર્તમાન સમયમાં આપણે સહુ આ અતિ મહત્વના ગુણને મેળવવામાં સદંતર નિષ્ફળ ગયાછીએ. ધર્મસ્થાનોમાં  દેવ–ગુરુ પ્રત્યે અને ઘરમાં માતા–પિતાદિ વડિલો પ્રત્યે આપણે બેદરકાર બન્યા છીએ. એ ઉપકારીઓના ઉપકારનું આપણને વિસ્મરણ થઇ ગયું છે. એમના મહાન ઉપકાર આપણે ભૂલી ગયા છીએ

જે માતાએ આપણા માટે રાતોની રાતો જાગરણ કર્યું... પોતે પેટે પાટા બાંધીને આપણી સર્વ ઇચ્છાઓ પૂરી કરી... આપણી સર્વ પ્રકારે સુખ–સગવડ સાચવી, જે પિતાએ આપણા જીવનને સુંદર બનાવવા દિવસ–રાત જોયા વગર મહેનત કરી. ભણાવી–ગણાવી ધંધો જમાવી આપ્યો. આવા ઉપકારી માતા–પિતાના ઉપકારોનો બદલોજ વાળવો શક્ય નથી. આવા ઉપકારીઓને છેલ્લે આરામ શાંતિ અને સમાધિ આપવાને બદલે જયારે એમની પરાધીન અને લાચાર અવસ્થામાં જીવો એમને કલેશ, ઉદ્વેગ, અશાંતિ અને અસમાધિ આપવામાં નિમિત્ત બને છે ત્યારે આવા જીવો ઉપર દયા, કરુણા, અને ક્યારેક તિરસ્કારની લાગણી ઉત્પન્ન થયા વગર રહેતી નથી.

ઉપકાર અને ઉપકારીને નજર સામે રાખીએ તો એની ચતુર્ભંગી થઇ શકે. વિશ્વના જીવો એવી રીતે ચાર પ્રકારના હોય છે. (૧) કેટલાક જીવો પોતાના મહા ઉપકારીઓના ઉપકારને ભૂલીને એમના ઉપર અપકાર કરનારા હોય છે. આવા જીવો અધમાધમની કક્ષામાં આવે છે.

(૨) કેટલાંક જીવો પોતાના ઉપર અપકાર કરનારાઓ ઉપર અપકાર કરનારા હોય છે. આવા

જીવો ક્ષમાને જીવનમાં સ્વીકારી શકતા નથી. કોઇનું ભલું કરી શકતા નથી. ઇટનો જવાબ પથ્થરથી આપવામાં માનનારા હોય છે. એમનો સમાવેશ અધમ જીવોમાં થાય છે.

(૩) ત્રીજા પ્રકારના જીવો મધ્યમ કોટિના હોય છે. પોતાના ઉપકારીને જાણનારા... ઓળખનારા અને એમના ઉપકારોને સદૈવ સ્મૃતિમાં રાખનારા હોય છે. આવા જીવોને ક્યારેય તક મળે તો એ ઉપકારીઓ ઉપર ઉપકાર કરવા સદા તત્પર હોય છે.

(૪) આ ઉપર જણાવેલા ત્રણે પ્રકારના જીવોથી ચઢી જાય એવા પણ જીવો હોય છે જેઓ ઉપકારી અને પરિચિત-અપરિચિત વ્યક્તિઓ ઉપર તો ઉપકાર કરે જ છે; પણ પોતાને હેરાન-પરેશાન કરનારાઓ ઉપર પણ હેત વરસાવનારા હોય છે. અપકારી અને પોતાના ગુનેગાર હોય એવી વ્યક્તિઓ પ્રત્યે પણ કોઇ દ્વેષ કે વેરની ભાવના નથી હોતી. એમના ઉપર પણ ઉપકાર કરવા સદૈવ તૈયાર હોય છે.

સર્પ દુધ પીવડાવનારને પણ ઝેર જ આપે છે..

ગાય ઘાસ ખાઇને પણ દુધ આપે છે...

વાદળ ખારૂં પાણી પીને મીઠું જલ વરસાવે છે...

આપણો નંબર ક્યાં લાગે છે ?...

સમાજ અને દેશની ચારે બાજુ વધી રહેલી હોટેલો... હોસ્પીટલો... હોસ્ટેલો... વૃદ્ધાશ્રમો... પાંજરાપોળો... શું સુચવી રહ્યા છે... ? એક બીજા માટે કરી છુટવાની ભાવના... સેવાની ભાવના... અને પ્રેમ-લાગણી... પરોપકાર આ બધાનું આપણા જીવનમાં દિવાળું ફૂંકાયું છે. યુવાનો વડિલોના ઉપકારો ભૂલ્યા છે...

સાજાઓ માંદાઓની સેવા ભૂલ્યા છે...

પારિવારિક સબંધો કલુષિત બન્યા છે...

એક બીજા પ્રત્યે સન્માન અને બહુમાનની લાગણીથી આપણે દૂર ચાલ્યા ગયા છીએ... કેવળ હાર-તોરા પહેરાવી દેવાથી... શાલ ઓઢાડી દેવાથી... કે નારિયળ આપી ચાંદલો કરવાથી બહુમાન પતી જાય આ આપણી કોરી કલ્પના છે... ખોટી માન્યતા છે...

નદી કિનારે ઉભેલા એક યુવાનની નજર એક સંત ઉપર પડી. સંત પાણીમાં પડી તરફડીયા મારતા વિંછીને બચાવવા હાથમાં લે છે. વિંછી સંતને ડંખ મારી ફરી પાણીમાં પડે છે. સંત પાણીમાં હાથ નાંખી બહાર કાઢે છે. વિંછી ફરી હાથમાં ડંખ મારી નદીમાં પડે છે. સંત ફરી એને બચાવી નદીમાંથી બહાર કાઢે છે. આવો ક્રમ ક્યાંય સુધી ચાલતો રહ્યો. અંતે યુવાનની ધીરજ ન ટકી. એ સંત પાસે ગયો અને કહ્યું- ''વારંવાર તમને ડંખ મારનાર આ વિંછીને બચાવવાનો ન હોય એને મરવા જ દેવાનો હોય. તમે એને કેમ બચાવી રહ્યા છો ?

''બેટા, જેનો સ્વભાવ હોય તેવું એ વર્તન કરવાનો જ છે જો વિંછી પોતાના ડંખ મારવાના સ્વભાવને છોડવા તૈયાર ન હોય તો સંત થઇને એને બચાવવાના મારા સ્વભાને હું કેમ છોડું ?

યુવાન, વિસ્મય પામી, સંત ચરણોમાં ઝૂકી પડ્યો...

માનવનો જન્મ... અનંત ઉપકારી અરિહંતનું શાસન... અને શ્રાવકનું કુળ પામ્યા પછી ઉપકારીઓના ઉપકારને કેમ ભૂલાય ?... એમની અવજ્ઞા... આશાતના... અવહેલના કેમ થાય ? એમનો તિરસ્કાર તો કરાય જ કેમ ? ઉપકારીઆનો ઉપકારનું સ્મરણજ આપણા હૃદયમાં એ સહુ પ્રત્યે બહુમાનની લાગણી જગાડશે... આપણને આપણા કર્તવ્ય પ્રતિ જાગૃત કરશે અને પ્રતિ ઉપકાર કરવા સાવધાન કરીને જીવનના બાગને ગુણોથી

સુવાસિત બનાવશે.

ભૂલ્યા ત્યાંથી પાછા ફરીએ...
કૃતઘ્નતાને દૂર હટાવીએ...
કૃતજ્ઞતાના સ્વામી બનીએ...
સ્વ-પરનું કલ્યાણ કરનારા બનીએ...
સહુના જીવનને સુખ-શાંતિ ભરપૂર બનાવીએ...

## ૨૦ પરહિતાર્થ કારી

શ્રાવકનું જીવન એના ગુણોનો બાગ છે. બાગમાં જેવા પુષ્પ હશે એવી સુવાસ પસાર થવાવાળાને માણવા મળશે જ. એવી જ રીતે શ્રાવકના જીવનમાં જેવા ગુણો હશે એની એવી સુવાસ પણ એના સાનિધ્યમાં... સંગમાં આવનારને માણવા મળશે જ.

શ્રાવકના ગુણ-ઉદ્યાનનું અવલોકન કરતાં આપણે આગળ વધીએ.

**પરહિય નિરઓ ધન્નો**
**સમ્મં વિન્નાય ધમ્મ સબ્ભાવો**
**અન્નેવિ ટવઈ મગ્ગે**
**નિરીહવિત્તો મહાસત્તો...૨૭**

પરનું હિત સાધવામાં તૈયાર રહેનાર ધન્ય પુરુષ છે, કેમકે તે ધર્મના ખરા મતલબને બરાબર રીતે જાણનાર હોવાથી નિઃસ્પૃહ મહા સત્વવાન્ રહી બીજાઓને પણ માર્ગમાં સ્થાપે છે.

શ્રાાવકના આગવા ગુણની વાત સમજાવતા કહે છે- ''શ્રાવક પરહિત કરનાર... પરોપકાર કરનાર હોય છે.'

પોતાનું હિત તો કાગડા ને કબૂતર પણ સાધે છે... કુતરો અને બિલાડી પણ સાધે છે... એમાં ક્યાં મહાનતા છે ? માનવી પોતાનું હિત સાધે... પોતાનું ભલું કરે એમાં ક્યાં મોટાઇ છે ? મોટાઇતો પોતાનાં સુખને ગૌણ બનાવી બજાના સુખને મુખ્ય બનાવવામાં છે, બીજાના સુખમાં તત્પર બનવા પોતાના જીવનમાં જે દુઃખો આવે એને પણ ઝીલવાની તૈયારી હોય. આવા જીવોને ધન્ય કહ્યા છે. પરના હિતમાં પ્રવૃત્ત બનનારાજ ધર્મના સાચા મર્મને સમજ્યા છે. ધર્મને ન સમજનારો ક્યારેય પરોપકારની પુણ્યવંતી પ્રવૃત્તિમાં આગળ વધી શકતો નથી. એવો શ્રાવક જ નિસ્પૃહી બને છે. પોતાના સ્વાર્થનો ત્યાગ કરવા માટેનું સત્વ પ્રગટાવે છે. આવા શ્રાવકોનું જીવન જોઇને બીજાઓને પણ એ માર્ગે આગળ વધવાની પ્રેરણા મળે છે. તેથી પરહિત કરનાર સ્વ-પરનું કલ્યાણ કરનાર બને છે.

આપણે પણ આ ભાવના ભાવતાં દરરોજ કહીએ છીએ-

**शिवमस्तु सर्व जगतः, परहित निरता भवन्तु भूतगणा ।**

સર્વ જગત શિવ-મંગલમય હો... સર્વ જીવો બીજાના હિતમાં પ્રવૃત્ત બને...

આપણે આપણા પોતાના જીવનનું નિરીક્ષણ કરીએ. મારા જીવનમાં પરહિતની પ્રવૃત્તિ કેટલી ? બીજા માટે કાંઇક કરી છુટવાની ભાવના કેટલી ? પોતાના કાર્યને છોડીને બીજાને સહાયતા કરવા માટેની દોડ દોડ કેટલી ? આજના આપણા સુખી જીવનની પાછળ ઘણાનું યોગદાન છે. ઘણાનો ઉપકાર છે.

ખેતરના ખુણામાં ખાડો ખોદી રહેલા દાદાને એક યુવાને પૂછ્યું- ''કેમ દાદા શું કરી રહ્યા છો?''

દાદાએ જવાબ આપતા કહ્યું- ''બેટા, આંબો વાવી રહ્યો છું.''

દાદાનોજવાબ સાંભળી યુવાન ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો- ''દાદા, આ ઉંમરે તમને લાગે છે કે આ વાવેલા આંબાના ફળ તમને ખાવા મળશે?''

દાદા અત્યંત ગંભીર બની ગયા અને યુવાનને બોલ્યા- ''બેટા! આખી જીંદગી કોકના વાવેલા

આંબા ટેસથી ખાધા છે હવે થયું જવાના દિવસો આવ્યા છે તો કોકને માટે હું પણ વાવતો જાઉં. આંબા ખાવાની ઈચ્છાથી આંબો વાવતો નથી પણ ઘણાના ઋણ નીચે દબાયેલો છું. એમના ઋણમાંથી યત્‌કિંચિત મુક્ત થવા આંબો વાવી રહ્યો છું.''

દાદાનો જવાબ સાંભળી યુવાન સ્તબ્ધ થઈ ગયો. યુવાન શરમાઈ ગયો. દાદાની મશ્કરી કરવા જતાં એને પોતાની હાલત કફોડી થઈ હોય એવું લાગ્યું. ક્યાં દાદાની વિચાર કરવાની શક્તિ અને ક્યાં આપણી પામરતા ? આપણા જીવનમાંથી પરોપકારની વૃત્તિએ વિદાય લીધી છે. પરોપકારને સમજવામાં પણ આપણે ઉણા ઉતર્યા છીએ.

આઠ પ્રકારના આંધળામાં એક 'સ્વાર્થાંધ' કહેવાયો છે. માનવ જયારે સ્વાર્થી બને છે ત્યારે સારા-સારનો વિવેક ગુમાવી બેસે છે. આંધળાની માફક અથડાય છે. પણ સાચા માર્ગને જોઈ જાણી શકતો નથી. આપણે જયારે સ્વાર્થાંધ મટી જઈશું ત્યારે જ આપણામાં પરહિતની પ્રવૃત્તિ ખીલી ઉઠશે. કુદરત તરફ નજર કરતાં પણ જણાશે કે એકેન્દ્રિયો પણ પરહિતની પ્રવૃત્તિમાં સંકળાયેલા છે.

વૃક્ષો મીઠા-મધૂર ફળો અને શીતળ છાંયડી આપે છે.

વાયુકાય તો જીવન આધાર છે... અપકાય વિના કેમ જીવી શકાય ?... આપણું જીવન એકેન્દ્રિયોની સહાયતા અને સહકાર વિના સંભવિત જ નથી. કુદરત પાસેથી લીધા પછી આપણે શું આપ્યું ? લેવામાં જે હોશિયાર હોય એણે આપવામાં ઉદાર બનવું જ જોઈએ.

આપણા પૂર્વજોએ ઠેર ઠેર તીર્થોના નિર્માણ કર્યા... જિનાલયો બંધાવ્યા... ધર્મશાળાઓ, ભોજનશાળાઓ બનાવી તેથી જ આજે આપણી યાત્રાઓ સરળ બની છે. તો આપણું કર્તવ્ય શું ? વિશ્વમાં વિકસેલી સર્વ સગવડોનો લાભ લેનાર આપણે બીજાઓ માટે કેવી સગવડો ઉભી કરી શક્યા ? એનું ચિંતન કરવા જેવું છે.

દુષ્કાળના સમયે ચારે બાજુ દાનશાળાઓ ખોલીને પુણ્યધનને એકઠું કરતા જગડુશાને યાદ કરો.

સહુને ધર્મ પમાડી અરિહંત માર્ગના આરાધક બનાવવા સવા લાખ જિનમંદિરો અને સવા કરોડ જિન પ્રતિમાઓનું નિર્માણ કરતા સમ્રાટ્ સંપ્રતિને સંભારો.

પરમાત્માના જીવદયાના સંદેશને ઘર-ઘરમાં અને ઘટ-ઘટમાં પહોંચાડવા અઢાર દેશમાં અમારિ પડહની ઉદઘોષણા કરતા કુમારપાળ રાજાને યાદ કરો.

અકબર જેવા ક્રુર અને હિંસક રાજવીને અહિંસાના પૂજારી બનાવતા હિરસૂરીશ્વરજી મહારાજને સ્મૃતિ પર લઈ આવો.

સાધર્મિક ભક્તિ દ્વારા ઉદાને ઉદયન મંત્રી અને જિનશાસનના અનન્ય ઉપાસક બનાવતા ડોસીમા.

અન્ન, પાણી, વસ્ત્ર, પાત્ર આદિની સહાયતા દ્વારા બાહ્ય પરોપકાર અને પરમાત્માના ધર્મ માર્ગ ઉપર ચઢાવીને અભ્યંતર પરોપકાર કરવા માટેની આપણને ઉત્તમ તક મળેલી છે. શ્રાવક બનવા માટે પરના હિતની ચિંતા જીવનમાં અનિવાર્ય બની જાય છે. આજ દિવસ સુધી આપણે 'સ્વ'ની ચિંતામાં એટલે માત્ર સ્વાર્થમાં જ બેઠેલા હતા પણ હવે 'સ્વ'ના સ્વાર્થમાંથી બહાર નિકળી પરોપકારની તકને ઝડપવા પ્રચંડ સત્વ ફોરવવાનું છે.

હાથીના ભવમાં સ્થાનદાનના કરેલા નાના પરોપકારે શ્રેણિક રાજાના પુત્ર બનવાનું સૌભાગ્ય મેઘકુમારને મળ્યું.

દુષ્કાળમાં પંચપકવાનથી સહુને પ્રેમ પૂર્વક ભક્તિ કરવાથી જ સંભવનાથ પ્રભુના જન્મ સમયે દુષ્કાળ-સુકાળમાં ફેરવાઈ ગયો.

પરંતુ આપણી હાલત ખરાબ છે. આજે આપણે પરોપકારમાં પ્રવૃત્તિ કરવાને બદલે ઉપકારો ઉપર પણ ઉપકાર કરવા સમર્થ નથી. ઉપકારીઓ પ્રત્યે પણ આપણી ઉપેક્ષા વૃત્તિ જ છે. કેમ લાગશે આપણો નબંર શ્રાવકમાં ?

જાગો, ઉઠો... ઉપકારી વડિલોના ઉપકારોને નજર સમક્ષ લાવી વિશ્વના જીવોને સહાય કરવા... એમની સેવાનો લાભ લેવા સત્વર તૈયાર થઇ જાવ. પરોપકાર એ પુણ્ય સંચય માટેનું ઉત્કૃષ્ટ સાધન છે. આ દેહથી... વચનથી... મનથી જેટલું પરહિત થઇ શકે એટલું કરી લેવાનું છે... આવી તક માનવ ભવમાં સુલભ છે. અન્ય ભવોમાં અતિ દુર્લભ છે.

જીવનમાં પરોપકારના વ્યસનને મજબૂત બનાવીએ. ભવોભવમાં અરહિંતના મંત્રનું રટણ ચાલુ રહે અને એના દ્ધારા સતત સ્વ-પર કલ્યાણને પામીએ એજ ઇચ્છીનીય છે.

## ૨૧ લબ્ધલક્ષ્ય

**लक्खेइ लब्ध लक्खो –**
**सुहेण सयलंपि धम्मकरणिज्जं,**
**दक्खो सुसासणिज्ञो–**
**तुरियं च सुसिक्खि ओ होइ. २९**

લબ્ધલક્ષ્ય પુરુષો સુખે કરીને સઘળું ધર્મ કર્તવ્ય જાણી શકે છે. તે ડાહ્યો હોવાથી જલ્દી કેળવાય છે. ૨૮.

એક હતો વિદ્યાર્થી...

ભણવામાં હોશિયાર... સ્વપ્ન હતું ડૉકટર બનવાનું...

જો બારમાધોરણમાં ૯૮ – ૯૯ % માર્ક મળે તો જ સ્વપ્ન સાકાર થાય એમ હતું.

અગ્યારમાં ધોરણની પરિક્ષા પતી ગઇ અને વિદ્યાર્થીએ સંકલ્પ કરી લીધો બારમા ધોરણમાં ૯૮% માર્ક મેળવવાજ છે.

હવે એને ખાવામાં રસ નથી... પીવામાં રસ નથી...

હરવામાં રસ નથી... ફરવામાં રસ નથી...

સિનેમામાં રસ નથી... નાટકમાં મન નથી..

ટી. વ્હી સામે જોતો નથી...વ્હીડીઓની વાત નથી...

ક્રિકેટ મેચની ધુન નથી... વર્લ્ડકપનો મોહ નથી...

ઉંઘ અનેઆરામ પણ કરવો નથી.

બસ ! એક જ ધુન છે લેસન... લેસન... લેસન...

ખાવાની ક્રિયા ચાલુ હોય પણ મનમાં અભ્યાસનું રટણ હોય...

ચાલવાની... બેસવાની... વાતો કરવાની ક્રિયાઓ ચાલુ છે પણ લક્ષ એકજ છે પરિક્ષામાં ૯૮% લાવવા છે.

અને ખરેખર એણે ૯૮.૯૮% મેળવી લીધા.

બસ ! જે વાત બાહ્ય જીવન માટે છે... એજ વાત અભ્યંતર જીવન માટે પણ છે.

જેનું લક્ષ્ય બંધાઇ ગયું છે, એની ક્રિયાઓ ભલે બધી જ ચાલતી હોય પણ એનું લક્ષ્ય મજબૂત હોવાથી ક્ષણવાર પણ વિસરાતું નથી. એવી વ્યક્તિ સફળતાને પામ્યા વિના રહેતી નથી.

યાદ આવે છે યોગીરાજ આનંદઘનજી મહારાજની મનડાને વશ કરવાની સજઝાય–

**ઉદર ભરણ કે કારણ રે,**
**ગૌઆ વનમાં જાય,**
**ચારો ચરે ચિહુંદિશી ફરે રે,**
**વાંકુ ચિત્તડું વાછરીઆ માંય...**
**ચાર પાંચ સહેલી મળીને,**
**હિલમિલ પાણી જાય;**
**તાળી દીયે ખડખડ હસે,**
**વાંકુ ચીત્તડું ગાગરીયા માંય...**

પેટ ભરવા ગાયો વનમાં જાય... ચારો ચરે

ચારે બાજુ ફરે... પણ એમનું ચિત્તતો પોતાના વાછરડામાં જ હોય છે.

ચાર પાંચ બેનપણીઓ મળીને પાણી ભરવા જાય... હસી મજાક કરે... વાતો કરે... એક બીજાને તાળી આપે પણ એમનું ચિત્ત તો પોતાના બેડામાં જ હોય છે...

તેવી જ રીતે નટ નગરના ચોકમાં નાચ કરતો હોય... કેટલાય આવે કેટલાય જાય પણ એનું ચિત્ત તો પોતાના દોરડામાં જ હોય છે.

જુગારી વાતો કરતો હોય... ખાતો-પિતો હોય... ચારે બાજુ નજર કરતો હોય... પણ એનું ચિત્ત તો જુગારમાં જ ચોંટેલું હોય છે.

એવી જ રીતે આપણે આપણી સર્વ વ્યવહારીક ક્રિયાઓ કરતા હોઇએ પણ જો આપણને આપણું લક્ષ્ય સમજાઇ ગયું હોય... લક્ષ્ય પ્રાપ્ત થઇ ગયું હોય... મજબૂત બની ગયું હોય તો સર્વ ક્રિયાઓ કરતી વખતે આપણને ક્યાંય રસ જાગતો નથી... મન લાગતું નથી... આપણું મન સતત લક્ષ્ય પ્રાપ્તિ તરફ જ દોડતું હોય છે. એવા જીવોને 'લબ્ધલક્ષ્ય' કહેવાય છે.

ભરત મહારાજા 'બ્ધક્ષ્ય લક્ષ્ય' હતા તેથી જ તો સંસારથી ભય પામીને એમણે અંતપૂરમાં એક ખાસ સેવક રાખ્યો હતો જે ભરત મહારાજાને સતત જગાડે-જાગૃત રાખે **'ચેત... ચેત... ભરત; કાળ નગારા દેત''**

અનાદિ કાળથી આપણે સંસારના સત્તા.. સંપત્તિ...સ્ત્રી આદિના લક્ષ્યને મેળવવા ઘણું સહન કર્યું છે. પણ એનાથી હજી આત્મકલ્યાણ થયું નહીં... થશે પણ નહીં... એટલે જ શાસ્ત્રકારોએ સંસારના લક્ષ્યને મહત્વ આપ્યું નથી. આવું બધું તો પ્રત્યેક ભવમાં પામ્યા છીએ... અથવા મૂકીને આવ્યા છીએ. હવે એવું કાંઇક મેળવવું છે જે મેળવ્યા પછી ક્યારેય કાંઇ મેળવવાનું બાકી ન રહે. આવું શાશ્વત ધામ... અક્ષયસ્થિતિને પામવા માટેનું લક્ષ્ય મેળવવા માટે આપણને જગાડીને એ કર્તવ્ય તરફ સાદ કરી રહ્યા છે.

શ્રાવક જીવનનાં આ મહત્વના ગુણને જીવનમાં આત્મસાત કરવું અત્યંત આવશ્યક છે. એક વખત લક્ષ્ય બંધાઇ જાય પછી સ્વયંમેવ સંસારની સર્વ સામગ્રીમાંથી મન ઉઠી જાય છે. જીવનમાં વૈરાગ્ય મજબૂત બને છે. મન મોક્ષના માર્ગે દોડવા માંડે છે. પછી એને આહાર સંજ્ઞા નથી સતાવતી ... ભય નથી ભૂલાવતો... મૈથુન સંજ્ઞા નથી પીડતી... પરિગ્રહની જરૂર નથી લાગતી.... એતો ત્યાગ અને વૈરાગ્યના ઝુલે ઝુલતો હોય છે. વિરતિની વાટે આગળ વધવા સાથે સર્વવિરતિને પામવા સતત પુરુષાર્થ કરતો હોય છે.

આ જીવ ડાહ્યો અને સમજદાર હોવાથી એનું મન અને જીવન સુંદર રીતે જલ્દી કેળવાઇ જાય છે.

કામદેવ શ્રાવક... આનંદ શ્રાવક વિગેરે સંસારમાં હતા પણ પોતાના લક્ષ્ય અને કર્તવ્ય તરફ અત્યંત જાગૃત હતા. પર્વ તિથિએ પૌષધ આદિની આરાધનામાં અપ્રમત્ત હતા. સર્વ પ્રકારની ઋદ્ધિ સિદ્ધિની વચ્ચે પણ ક્યારેય ધર્મને અને પોતાના આત્મ લક્ષ્યને ભૂલ્યા ન હતા. જયાં લક્ષ્ય મજબૂત હોય ત્યાં સિદ્ધિ સહજ હોય છે. આપણે આપણા જીવનમાં 'લબ્ધલક્ષ્ય' બનવાનું છે. અનાદિથી સંસારના લક્ષ્યને મજબૂત બનાવી કરેલી મહેનત નિરર્થક થઇ છે. હવે મહેનતને સફળ બનાવવા સાચા લક્ષ્યના સ્વામી બનીએ.

લક્ષ્ય ચૂકાય તો માર્ગ ચૂકાય અને સંસાર ઘટવાને બદલે વધી જાય. શ્રાવક ક્યાં પણ જાય એ સજાગ હોય... સાવધાન હોય... જાગૃત હોય છે. સન્માર્ગનો પથિક બની આત્મકલ્યાણનો સાધક બને છે. પણ જો 'લબ્ધલક્ષ્ય' ન હોય તો અહી-તહી અથડાઇને જીવન બરબાદ કરે છે. ઘણા ભવો ગુમાવ્યા... જીવન બરબાદ કર્યા. શ્રાવક ! હવે તક ગુમાવી તને પાલવે એમ નથી ઘણા ભવોમાં જ નથી કરી શક્યો તે આ એક ભવમાં કરી લેવાનું છે... મેળવી લેવાનું છે.

લક્ષને મજબૂત બનાવી ચાલ્યો જા. સાધનાના પંથે, મંઝિલ ઉપર સિદ્ધિ તારી રાહ જોઇ રહી છે.

# જીવ-વિચાર

મરણ શું છે ? એની જીવ-વિચારની વ્યાખ્યા આપણે ગત અંકમાં જાણી લીધી.

સંસારમાં આપણે જયારે કહિએ છીએ કે ''ફલાણા ભાઇ મરી ગયા'' એટલે એ માનવીના આત્માનો અને દ્રવ્ય પ્રાણોનો વિયોગ થયો. આત્માને પ્રાણનો વિયોગ થાય એટલે આત્માએ દેહ છોડીને કર્માનુસાર અન્ય ગતિમાં જાય છે. આ મરણ તે પર્યાયમાં જીવતાં જીવનું મરણ છે. પણ આત્માતો અમર છે... એનું મરણ અસંભવિત છે.

આવું મરણ જીવે કેટલીવાર અનુભવ્યું છે અને કયાં સુધી આ પરંપરા ચાલુ રહેશે તે સમજાવતાં કહે છે-

**एवं अणोर-पारे संसारे सायरम्मि भीमम्मि ।**
**पत्तो अणंत-खुत्तो जीवेहिं अपत्त-धम्मेहिं ।।४४।।**

અનાદિ-અનંત એવા ભયંકર સંસારરૂપી સાગરમાં ધર્મ ન પામેલા જીવો આ પ્રકારે અનંતીવાર મરણને પામ્યા છે.

આ સંસાર કેવો છે ?

જેની ક્યાંય શુરૂઆત નથી... તેથી અનાદિ છે...

જેનો ક્યાંય અંત નથી... માટે જ અનંત છે...

જે સતત ભયમાં રાખનાર અને ભયને નિર્માણ કરનાર છે... એટલે જ ભયંકર છે... આવા આ સંસારમાં આપણે બધા અનંત જન્મ મરણ કરી ચૂકયા છીએ. અનંતીવાર જન્મ્યા છીએ... અનંતીવાર મર્યા છીએ...

શા માટે જન્મ લેવા પડ્યા ?... શા માટે મરવું પડ્યું ?...

શું આવા જન્મ નથી જોઇતા ? શું આવા મરણ નથી જોઇતા ?

મરણથી બચવું હોય તો જન્મથી બચવું પડે... કારણ મરણ પછી જન્મ ન લેવો પડે એવું બની શકે પણ જન્મ લીધો એટલે મરણ ટાળવાનો કોઇ ઉપાય નથી.

જો મરવું નથી તો જન્મવાનું છોડી દો... જન્મ-મરણથી છુટવાનો એક માત્ર ઉપાય ધર્મ !

અહીં ઉપરની ગાથામાં આજ વાત કહી છે. આપણે ધર્મ ન પામ્યા એટલે જ જન્મ-મરણના ચક્રમાં ફરતા રહ્યા. જો ધર્મ પામ્યા હોત તો જન્મ-મરણના ફેરા ન ફરવા પડત.

સંસારમાં સુખ ઘણા છે.. સુખના સાધન ઘણા છે... સુખના નિમિત્ત ઘણા છે... સુખના કારણ અનેક છે પણ બધા સુખનું મુળ પુણ્ય છે... ધર્મ છે!

સંસારમાં દુઃખ ઘણા છે.. દુઃખના નિમિત્ત ઘણા છે... દુઃખના કારણ ઘણા છે... દુઃખના પ્રકાર ઘણા છે... દુઃખના ઉપાય ઘણા છે પણ બધા દુઃખોનું મુળ કારણ પાપ છે... અધર્મ છે. !...

બધા દુઃખોમાં મોટું દુઃખ મરણનું દુઃખ છે એનું કારણ ધર્મની અપ્રાપ્તિ છે અને આ મહાદુઃખને ટાળવાનો એક માત્ર રામબાણ ઉપાય છે ધર્મ !

આત્માના અમરત્વને પામવા જયારે ''ધર્મ'' એજ એક શરણ છે ત્યારે જીવનની દરેક પળને શા માટે ધાર્મિક ન બનાવીએ ? જીવનના દરેક કાર્ય સાથે ધર્મને શા માટે ન જોડી દઇએ ? આજ દિવસ સુધી અજ્ઞાન દશામાં ઘણો કાળ વ્યતીત કર્યો, હવે ''ધર્મ''ના સાચા મર્મને જાણી માનવ જીવનમાં મળેલી સર્વ શક્તિ અને સર્વ સમયને ધર્મમય બનાવવાનો એક માત્ર પુરુષાર્થ આદરીયે.

**तह चउरासी लक्खासंखा जोणीण होइ जिवाणं ।**
**पुढवाइणो चउण्हं पत्तेयं सत्त सत्तेव ।।४५।।**

જીવોની યોનિઓ ચોર્યાશી લાખ છે. પૃથ્વીકાયાદિ ચારમાં એક એકની સાત-સાત લાખ છે. જીવોને ઉત્પન્ન થવાનું સ્થાન તે યોનિ છે. યોનિ અસંખ્ય છે. વર્ણ-જાતિ આદિની સમાનતાથી એક ભેદ ગણતાં ચોર્યાશી લાખ છે. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય અને વાયુકાયની સાત લાખ યોનિઓ છે.

અન્ય યોનિઓની સંખ્યા જણાવતાં કહે છે-

**दस पत्तेय-तरुणं चउदस लक्खा हवंति इयरेसु ।**
**विगलिं दिएसु दो दो, चउरो पंचिदि-तिरियाणं ।।४६।।**
**चउरो चउरो नारय-सुरेसु मणुआण चउदस हवंति ।**
**संपिंडिआ य सव्वे चुलसी लक्खा उ जोणिणं ।।४७।।**

આગળ યોનિઓની સંખ્યા બતાવે છે. પ્રત્યેક વનસ્પતિકાયને દસ લાખ યોનિઓ છે. ઈતર એટલે સાધારણ વનસ્પતિકાયને ચૌદ લાખ યોનિઓ છે. વિકલેંન્દ્રિયને એટલે જ બે ઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરેન્દ્રિયને વિષે બે-બે લાખ સંખ્યા છે. તિર્યંચ પંચેન્દ્રિયને ચાર લાખ સંખ્યા છે. નારક અને દેવની ચાર-ચાર લાખ યોનિઓ છે જ્યારે મનુષ્યની ચૌદ લાખ યોનિ છે. એમ બધી મેળવતાં ચોર્યાસી લાખ સંખ્યા થાય છે.

| | |
|---|---|
| પૃથ્વીકાય .............. | ૭ લાખ |
| અપ્કાય................. | ૭ લાખ |
| તેઉકાય.................. | ૭ લાખ |
| વાયુકાય.................. | ૭ લાખ |
| પ્રત્યેક વનસ્પતિકાય....... | ૧૦ લાખ |
| સાધારણ વનસ્પતિકાય.. | ૧૪ લાખ |
| બેઈન્દ્રિય................. | ૨ લાખ |
| તે ઈન્દ્રિય................. | ૨ લાખ |
| ચઉરિન્દ્રિય................. | ૨ લાખ |
| તિર્યંચ પંચેન્દ્રિય......... | ૪ લાખ |
| દેવતા.................. | ૪ લાખ |
| નારકી.................. | ૪ લાખ |
| મનુષ્ય................. | ૧૪ લાખ |
| **કુલ....................** | **૮૪ લાખ** જીવાયોનિ છે. |

યોનિના ૮૪ લાખ ભેદ અન્ય ધર્મોમાં પણ સ્વીકારવામાં આવ્યા છે. જૈન દર્શનમાં અન્ય ભેદે પણ યોનિના પ્રકાર બતાવ્યા છે.

૧) યોનિના ત્રણ ભેદ છે. (અ) સંવૃત (બ) વિવૃત (ક) મિશ્ર. સ્પષ્ટ પણે ન જણાય તે સંવૃત. જે દેવ તથા નારકોને હોય. સ્પષ્ટ પણે જણાય તે વિવૃત જે વિકલેન્દ્રિય અને અસન્નિ પંચેન્દ્રિયને હોય છે... કાંઇક-સ્પષ્ટ કાંઇક અસ્પષ્ટ જણાય તે મિશ્ર. જે ગર્ભજ તિર્યંચ અને મનુષ્યને હોય છે.

૨) બીજી રીતે યોનિ પોતાના ત્રણ ભેદ કહે છે- (અ) શીત (આ) ઉષ્ણ (ઇ) શીતોષ્ણ. પ્રથમ ત્રણ નરકના અને ચોથી નરકનાં ઉપરના પ્રતરમાં યોનિ શીત હોય છે... નરકના નીચેના પ્રતરમાં ઉષ્ણ યોનિ હોય છે. દેવ તિર્યંચ અને મનુષ્યને શીતોષ્ણ હોય છે.

૩) અન્ય રીતે સચિત્ત, અચિત્ત અને મિશ્ર (સચિત્તાચિત્ત) એવા પણ યોનિના ભેદ થાય છે.

સંસારી જીવોના સ્વરૂપને સમજાવ્યા પછી હવે મુક્ત એવા સિદ્ધગતિના જીવોના સ્વરૂપને સમજાવતાં કહે છે-

**सिद्धाणं नत्थि देहो, न आउ कम्मं न पाण जोणीओ।**
**साइ अणंता तेसिं ठिइ, जिणंदागमे भणिया ।।४८।।**

સિદ્ધના જીવો કેવા છે ? તે બતાવે છે :

સિદ્ધના જીવોને શરીર નથી...
સિદ્ધના જીવોને આયુષ્ય નથી...
સિદ્ધના જીવોને કર્મ નથી...
સિદ્ધના જીવોને પ્રાણ નથી...
સિદ્ધના જીવોને યોનિ નથી...

જિનેશ્વર ભગવંતના આગમને વિષે તેઓની સ્થિતિ સાદિ અનંત કહી છે. સાદિ એટલે સ +

આદિ.

આદિ એટલે શરુઆત. જે શરુઆત સહિત છે તે સાદિ કહેવાય છે. આત્મા જયારે મોક્ષમાં જાય છે ત્યારે સિદ્ધગતિની શરુઆત થાય છે એટલે જ સિદ્ધોના જીવોની સ્થિતિ સાદિ છે.

પણ એકવાર સિદ્ધ બન્યા પછી... સિદ્ધગતિને પામ્યા પછી જીવ ત્યાંથી ક્યાંય જતો નથી. બીજી ગતિને પામતો નથી... સદા સદા કાળ માટે સિદ્ધ ગતિમાંજ... સિદ્ધશીલા ઉપર જ રહે છે. તેથી જ તેની સ્થિતિ સાદિ સાથે અનંત કહી. અનંત એટલે અંત રહિત... જેનો ક્યારેય અંત નથી એવી.

આયુષ્ય હોય તો ક્ષય થયે નાશ થાય પણ અહીં તો આયુષ્ય જ નથી... શરીર હોય તો વિનાશ પામે પણ અહીં તો શરીરજ નથી... કર્મ હોય તો ભોગવવા પડે અહી તો કર્મ જ નથી તેથી આત્મા પોતાના મુળથી... સત્ય સ્વભાવદશાને પામે છે અને સદા તે જ દશામાં રહે છે.

**काले अणाइ निहणे, जोणि गहणंमि भीसणे इत्थ ।**
**भमिया भमिहंति चिरं, जीवा जिणवयण मलहंता ।।४९।।**
**ता संपइ संपत्ते, मणुअत्ते दुल्लहेवि सम्मत्ते ।**
**सिरि संति सूरि सिद्दठे, करेह भो उज्जमं धम्मे ।।५०।।**
**एसो जीववियारो, संखेव रुईणजाणणाहेउ ।।**
**संखितो उद्धरिओ रुद्दाओ सुय सुमद्दाओ ।।५१।।**

જીવો અનાદિકાળથી ગહન... ઉંડા અને ભીષણ... એટલે ભયંકર એવા સંસારસાગરમાં ભટક્યા છે... ભટકે છે અને ભટકશે...

ચૌદ રાજલોકમાં ચોર્યાસી લાખ જીવાયોનીમાં જીવો અનાદિ કાળથી કેવા કેવા ભયંકર દુઃખોને પામ્યા છે ? ક્ષણવાર આ દુઃખોને યાદ કરો ?

કયારેક આ જીવ રાજા બન્યો... કયારેક ભિખારી બન્યો...

ક્યારેક દેવલોકમાં ગયો, ક્યારેક નારક બન્યો.

ક્યારેક હાથી બન્યો, ક્યારેક કિડીના દેહને પામ્યો.

ક્યારેક ઘાસ બન્યો... ક્યારેક દાસ બન્યો...

ક્યારેક સુવર્ણ બન્યો... ક્યારેક સેવક બન્યો.

ક્યારેક માતા બન્યો... ક્યારેક પુત્ર બન્યો...

ક્યારેક પુત્રી બન્યો... ક્યારેક પત્ની બન્યો.

કેવી–કેવી વિચિત્રતા ભોગવી આ જીવે ! એકવાર નહિં... અનેકવાર પણ નહીં... અનંતી... અનંતવાર આવી દશા પામ્યો છતાં એના આ અનાદિના સંસાર ચક્રને બ્રેક ન લાગ્યો. જાણો છો કેમ ? શા માટે આપણને ભટકવું પડ્યું ? શા માટે આપણે ભટકી રહ્યા છીએ ?

સ્વયં શાંતિસૂરીશ્વરજી મહારાજ જવાબ આપતાં કહે છે–

**जीवा जिणवयण मलहंता ।**

કેટલી સરળ અને સહજ વાત બતાવી છે. જે જીવોને જિનેશ્વર પરમાત્માના વચનોની પ્રાપ્તિ થતી નથી તે જીવો સંસારમાં ભટક્યા છે... ભટકે છે... અને ભટકશે... પણ જે જીવોને જિનેશ્વર પરમાત્માના વચનો મળ્યા છે તે જીવો ભવભ્રમણથી અટક્યા છે... અટકે છે... અને અટકશે...

આપણે આજ સુધી ભટકીએ છીએ એજ વાત બતાવે છે કે આપણને જિનવાણી મળી નથી... સમજાણી નથી... એટલે જ તો શ્રી શાંતિસૂરીશ્વરજી મહારાજ આપણને સહુને જીવ વિચારના માધ્યમથી જિનેશ્વર પરમાત્માની વાણી સમજાવે છે. આપણો જીવ ક્યાં ક્યાં ભટકી આવ્યો છે.... ક્યાં ક્યાં એના કેવા કેવા હાલ થયા છે એનો પરિચય કરાવે છે. જીવ જો આ જિન વચનોને જાણીને... વિચારીને, ચિંતન અને મનન કરીને નવનીત પ્રાપ્ત કરે તો જરૂર વૈરાગ્ય જાગૃત થાય. એ સામાન્ય વૈરાગ્ય ન હોય પણ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય જીવ પામી જાય. સંસારના પરિભ્રમણથી થાકી જાય... કંટાળી જાય... ''ના ! હવે સંસારમાં વધુ નથી રખડવું...'' એવા ઉદ્ગાર મોઢામાંથી સરી પડે.

અનાદિની રખડપટ્ટીનો અંત લાવવાના અરમાન જાગ્યા વગર ન રહે ! અનંતના આકાશમાં ઉડવા માટે એ તો પાંખ ફફડાવવા માંડે... જ્ઞાનની આંખ અને ક્રિયાની પાંખથી સાધનાના ગગનમાં ઉડતો જીવ અપ્રમત્ત બને... ક્ષણવાર પણ પ્રમાદમાં ન ફસાય... સિદ્ધિના શિખર ભણી આગેકૂચ કરે.

આવા સાધકને વધારે જાગૃત કરવા શ્રી શાંતિસૂરીશ્વરજી મ.સા. કહે છે–

હે જીવ ! તું ક્યાં ક્યાં ભમ્યો તે તેં જાણ્યું...

હમણાં તું ક્યાં છે ? કોણ છે ? એની તને ખબર છે....

વર્તમાનમાં પુણ્યયોગે દુર્લભ એવા મનુષ્ય ભવની પ્રાપ્તિ થઇ... એનાથી વિશેષ દુર્લભ એવા જિનેશ્વર પરમાત્માના વચનોની પ્રાપ્તિ થઇ. હવે શું બાકી છે ? બધું જ મળ્યું, બસ લાગી જા હવે ઉદ્યમમાં... આદર ભગીરથ પુરુષાર્થ... કાંઇજ અસંભવિત નથી. એકવાર સમ્યગ્દર્શનને પામવા માટેના સાચા પ્રયત્નોમાં લાગી જા...

નિશ્ચય સમ્યગ્દર્શન માટે વ્યવહારીક સમ્યગ્દર્શન અત્યંત આવશ્યક છે અને વ્યવહાર સમ્યગ્દર્શન માટે જિનેશ્વરના વચનો ઉપર અડગ શ્રદ્ધા અનિવાર્ય છે.

''હે પ્રભુ ! આપે જે કહ્યું છે તેજ સત્ય છે. ખરેખર આપે જીવવિચારમાં સંસારી જીવના જે જે ભેદો બતાવ્યા એ બધામાં મારો આત્મા અનંતીવાર ભમી આવેલો છે.'' નજરની સામે બધી યોનિઓમાં દુઃખ, વેદના અને પ્રતિકુળતાને પરાધીનતાથી સહન કરતા પોતાનું જ વિકૃત સ્વરૂપ દેખાવવા લાગે. આ બધા જ દુઃખોમાંથી મુક્ત કરનાર... કરવાની ક્ષમતા ધરાવનાર જિન વચન પ્રત્યે અત્યંત પૂજ્યભાવ જાગે અને આ જીવ દુઃખો અને દુર્ગતિથી બચવા પરમાત્માના ચરણોની શરણાગતિ સ્વીકારી લે.

સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાતિ સાથે ભવભ્રમણ ટાળવા સખત પરિશ્રમ... ઉદ્યમ કરવા જીવ પોતાનું વીર્ય ફોરવે છે.

જેમણે શ્રદ્ધા અને સમર્પણ સાથે આત્મવીર્ય ફોરવ્યું તે બધા જીવો સંસાર સાગરને પાર પામ્યા છે અને પામશે.

આવી પરંપરાને આગળ વધારવાના જ મંગળમય હેતુથી શ્રી શાંતિસૂરીશ્વરજી મ.સા. શ્રુતના સાગરમાંથી સંક્ષિપ્ત કરીને આ જીવ–વિચારને ઉદ્ધર્યો છે.

આપણા આજના વિકૃતરૂપને જ ન બતાવતાં જીવ–વિચારમાં પરમાત્માના વચનના આલંબને જીવ કેવા સ્વરૂપને પામી શકે છે એની પણ સમજણ મુક્ત જીવોનું સ્વરૂપ બતાવી આપણને આપી છે.

જીવની શિવયાત્રાનું પ્રબળ આલંબન સર્વજ્ઞ ભગવંતના વચનો છે. આ વચનોનું આલંબન લેનાર સૌ ભવ્ય સંસારી જીવો સર્વ જંજીરોમાંથી સ્વયંના આત્માને મુક્ત કરી લાખો યોજન દૂર સિદ્ધશિલાની ઉપર સ્વયંના શાશ્વત ધામમાં સ્વ આત્માને પરમાત્મા બનાવી સિદ્ધાત્મા બનાવી સદાકાળ માટે સ્થિર કરી શકે છે... શાશ્વત અનંત સુખમાં રમી શકે છે.

''જીવ–વિચાર''ના મંગલમય માધ્યમથી સહુમાં ઉચ્ચ કોટીનો વૈરાગ્ય જન્મે... અપ્રમત્ત ઉદ્યમ પ્રગટે... વીર્ય ઉલ્લસે... આપણાં સહુનો આત્મા સતત અખંડ પણે મુક્તિ માર્ગનો પ્રવાસી બની... પ્રાંતે સિદ્ધશિલાનો નિવાસી બને એજ પ્રભુ પ્રાર્થના !

**''જીવ-વિચાર'' વિવેચન સમાપ્ત**

**જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.**

# નવતત્વ... (મોક્ષ તત્વ)

અનાદિની ચાર ગતિ અને ચોર્યાસિ લાખ જીવાયોનિની રખડપટ્ટી... રઝળપાટનો અંત લાવવો હોય તો મોક્ષ મંઝિલની પ્રાપ્તિ અનિવાર્ય બની જાય છે. મોક્ષ એવા અનંત સુખનું સ્થાન છે જયાં સર્વ દુઃખ – દોષ અને દર્દનો અંત થઇ જાય છે. આવા અનંત સુખના ધામને અનંત આત્માઓ પામી ગયા આપણે રહી ગયા. આપણે ઘણીવાર સ્તવનોમાં ગાઇએ છીએ – ''પ્રભુ ! આપણે સાથે રમ્યા... સાથે જમ્યા... સાથે ભમ્યા... (ફર્યા).. પરંતુ આજે સુખભર્યા મોક્ષમાં આપ બિરાજો છો જયારે હું દુઃખ ભર્યા સંસારમાં રખડી રહ્યો છું. પ્રભુ મારા ઉપર કૃપા કરો મને આપની બાજુમાં સ્થાન આપો.''

ચાલો ! ફક્ત માગવાથી વસ્તુ મળતી નથી એના માટે એની કિંમત ચુકવવી પડે છે. આપણને મોક્ષ નગરીમાં જવું હોય તો એના માટેના પાસપોર્ટ –વીસા તૈયાર કરાવવા જ પડે. એ માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવી જ પડે. સમ્યગ્દર્શન એ તો મોક્ષ નગરીનું પ્રવેશદ્વાર છે. સમ્યગ્દર્શન વિના મોક્ષનગરીમાં પ્રવેશ સંભવિત નથી.

જે જીવો મોક્ષ નગરીમાં પધાર્યા એમણે આત્માની નિર્મળતા દ્વારા પ્રથમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી હતી. આવો ! આપણે મોક્ષમાં પહોંચવા મોક્ષ તત્વને જાણીએ સમજીએ. માર્ગમાં આવતા સર્વ વિઘ્નોને દૂર કરીએ. નવેનવ તત્વને ઉંડાણથી ઓળખીએ... એ નવતત્વ ઉપર શ્રદ્ધા મજબૂત કરીએ... જેથી અરિહંત પરમાત્મા અને એમની વાણી ઉપર અજબ–ગજબનો વિશ્વાસ નિર્માણ થશે.

જયાં મોક્ષની રૂચિ ત્યાં નવતત્વનું જ્ઞાન, જયાં નવતત્વનું જ્ઞાન ત્યાં તત્વશ્રદ્ધા સ્વરૂપ સમ્યગ્દર્શન અને જયાં સમ્યગ્દર્શન ત્યાં મોક્ષની પાત્રતા, યોગ્યતા, અને અંતે જયાં પાત્રતા ત્યાં પ્રાપ્તિ એ ન્યાયથી મોક્ષના અધિકારી બનીને જ રહીશું.

**जीवाइ नव पयथ्थे , जो जाणइ तस्स होइ सम्मत्तं ।**
**भावेण सद्दहंतो, अयाण माणेवि सम्मत्तं ।।५९।।**

જીવાદિ નવ પદાર્થોને જે જાણે તેને સમ્યક્ત્વ હોય, બોધ વિના પણ ભાવથી શ્રદ્ધા રાખનારને પણ સમ્યક્ત્વ હોય છે.

સમ્યક્ત્વ એ આત્માનો ગુણ છે. જયારે જીવને નવતત્વની જાણકારી મળે છે... સમજણ આવે છે... નવતત્વ સાચા છે... એવી શ્રદ્ધા થાય છે ત્યારે આત્મામાં સમ્યક્દર્શનનો ગુણ પ્રગટ થાય છે.

જીવ–અજીવ... પુણ્ય–પાપ...

આશ્રવ–સંવર... બંધ–નિર્જરા–મોક્ષ...

આ નવતત્વને જયારે જીવ જાણે સમજે છે ત્યારે સંપૂર્ણ વિશ્વના સ્વરૂપની અને મોક્ષમાર્ગની યથાર્થ જાણકારી એને પ્રાપ્ત થાય છે. હવે એને ક્યાંય જવાની જરૂર જણાતી નથી. જ્ઞાનનો અખુટ ખજાનો અહીંજ એને મળી જાય છે. એટલું જ નહીં આ જ્ઞાન પ્રત્યેનું એનું બહુમાન પણ એટલું જ ઉત્કૃષ્ટ હોય છે. આવું જ્ઞાન... આવી સમજણ... આવી સૂક્ષ્મતા બીજે ક્યાંય મળવી અસંભવિત છે. એવું જે સાધક જાણે છે એ સમ્યક્ત્વનો સ્વામી છે એટલું જ નહીં પણ એનાથી આગળ વધીને કહે છે નવતત્વ ન

પણ જાણે... ન પણ સમજે પરંતુ ભાવ પૂર્વકની જો શ્રદ્ધા છે તો ત્યાં પણ અવશ્ય સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન આત્માનો ગુણ છે. કેવળજ્ઞાની અથવા વિશિષ્ટ જ્ઞાની વિના બીજાના સમ્યગ્દર્શનને જોઈ-જાણી ન શકાય. પરંતુ ઉત્તરાધ્યન સૂત્રમાં સમકીતના ૬૭ લક્ષણ કહ્યા છે તે જો આપણે આત્માની ઉપર ઘટાવીએ તો અનુમાનથી આપણે આપણા અને બીજા માટે એની હાજરી છે કે કેમ ? તે અનુમાનથી જાણી શકીએ છીએ.

આપણા સદ્ભાગ્યે નવતત્વના જ્ઞાન દ્વારા આપણને સમ્યગ્દર્શન પ્રાપ્તિનો સુઅવસર મળ્યો છે. આ અવસર હાથમાંથી નિકળી જાય એનાથી પહેલા આપણે જાગી જઈએ. પુરુષાર્થ દ્વારા નવતત્વને આત્મસાત કરીએ... નવતત્વથી સમ્યગ્દર્શન પામીએ... સમ્યગ્દર્શનથી સંસારને મર્યાદિત બનાવીએ મોક્ષ માર્ગના સાચા મુસાફર બની સમ્યગ્દર્શન, સ-જ્ઞાન અને સ-ચારિત્રના આરાધક બની સિદ્ધગતિના સ્વામી બનીએ.

**सव्वाइं जिणेसर, भासिआइं वयणाइं जन्नहा हुंति ।**
**इअ बुद्धि जस्स मणे, सम्मत्तं निच्चलं तस्स ।।५२।।**

શ્રી જિનેશ્વરે કહેલાં સર્વ વચનો અસત્ય ન હોય (એટલે સર્વ સત્યજ હોય. જેના હૃદયમાં આવી બુદ્ધિ હોય તેનું સમ્યક્ત્વ દૃઢ છે.

જિનેશ્વર પરમાત્મા પ્રત્યે જયાં શ્રદ્ધા હોય ત્યાં જ પરમાત્માના વચન પ્રત્યે વિશ્વાસ હોય. જિનેશ્વર પરમાત્માને અસત્ય બોલવાનું કોઈ જ કારણ નથી. માનવી અસત્ય ક્યારે બોલે ? શાસ્ત્રો એના ચાર કારણ બતાવે છે. **कोहा वा लोहा वा भया वा हासा वा** (૧) ક્રોધથી (૨) લોભથી (૩) ભયથી અથવા (૪) હાસ્યથી.

જિનેશ્વર પરમાત્માનું સ્વરૂપ કહે છે કે જિનેશ્વર તો કર્મ વિજેતા છે... મોહનીય કર્મને એમણે જિત્યું છે. જયાં મોહ છે ત્યાં ક્રોધ... લોભ... ભય.. હાસ્ય છે. જિનેશ્વર પરમાત્મા આ ચારેથી રહીત છે. એમનું વચન અસત્ય કદાપિ ન હોઈ શકે. સત્ય જ હોય છે. અરિહંત પરમાત્મા પ્રત્યે જેના હૃદયમાં આવી અતુટ શ્રદ્ધા હોય ત્યાં નિશ્ચિત સમકિતનો વાસ હોય. તે વ્યક્તિનું સમ્યક્ત્વ અત્યંત મજબુત હોય છે.

પરંતુ જો પરમાત્માના વચનોની સત્યતામાં ક્યાંય શંકાનો કીડો જો સળવળે અને મનમાં ક્યાંક એ માટે પ્રશ્ન ઉભો થાય તો જીવ સમ્યક્ત્વ ટકાવી ન શકે એ સમ્યક્ત્વને ગુમાવી બેસે છે.

પરમાત્માના બધાજ વચન માન્ય હોય પણ એક વચન અમાન્ય કરે તો ત્યાં સમકિત ન જ સંભવે. જમાલિને પ્રભુના બધાજ વચન માન્ય હતા પરંતુ એક જ વાક્યમાં **(कडेमाणे कडे)**અશ્રદ્ધા થઈ અને જીવ મોક્ષ મેળવવા માટે અયોગ્ય અને અપાત્ર બન્યો.

આપણી બુદ્ધિનું નિરીક્ષણ કરીએ ક્યાંય કચાશ હોય... ક્યાંય શંકા-કુશંકાઓ હોય બધાને દૂર કરી સત્વરે સર્વ પ્રભુ વચનોના આરાધક બનીએ. નિર્મલ બુદ્ધિના સ્વામી બની સમ્યક્ત્વના સાધક બનીએ. તોજ મુક્તિના દ્વાર આપણા સહુ માટે ખુલી જશે.

**अंतो मुहुत्त मित्तंपि, फासिअं हुज्ज जेहिं सम्मत्तं ।**
**तेसिं अवड्ढ पुग्गल, परिअट्टो चेव संसारो ।।५३।।**

જે જીવોએ અન્તર્મુહૂર્ત માત્ર પણ સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય, તે જીવોનો સંસાર માત્ર અર્ધ પુદ્ગલપરાવર્ત જેટલો જ બાકી રહે છે.

અનંત સંસારનો અંત લાવવો છે ?

તેનો ઉપાય એક... માત્ર એકજ છે. અને તે છે સમ્યક્દર્શનની પ્રાપ્તિ. અનાદિ કાળથી આપણે સંસારની ચાર ગતિ અને ચોર્યાસી લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કર્યું... હજી આપણા

સંસારનો અંત કે સંસાર સાગરનો કોઇ કિનારો દેખાતો નથી ? આવું શા માટે ? ક્યારે આવશે આપણા સંસારનો અંત ક્યારે ચાલુ થશે આપણા અંતિમ ભવોની ગણત્રી? એનો જવાબ ઉપરોક્ત ગાથામાં આપ્યો છે. ઘણી મહત્વની વાત જણાવી છે. ફક્ત અંતર્મુહૂર્ત કાળ માટે પણ જો એકવાર સમ્યક્દર્શનનો સ્પર્શ આત્માને થઇ જાય તો એના અનંત સંસારને બ્રેક લાગે છે... સંસાર મર્યાદિત બને છે. વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તન જેટલા સમયમાં જીવ નિશ્ચિત મોક્ષ પામે છે.... સિદ્ધ-બુદ્ધ-મુક્ત બને છે.

અર્ધ પુદ્ગલ પરાવર્તનનો કાળ એ પણ ઘણો લાંબો સમય છે. પરંતુ સંસારની મર્યાદા નક્કી થઇ એ મહત્વનું છે. આવું અપૂર્વ મહત્વ સમ્યક્દર્શન છે. આવા સમ્યક્દર્શનને પ્રાપ્ત કરવાનો સુઅવસર આપણને બધાને પ્રાપ્ત થયો છે. મનુષ્યનો દેહ... આર્ય ક્ષેત્ર... અને જિનેશ્વર પરમાત્માનું જયવંતુ શાસન આ ત્રિપુટીની સુંદર આરાધના આપણને સમ્યક્દર્શનની ભેટ ધરવા સમર્થ છે. જે જીવોએ પ્રમાદને ખંખેરી પ્રભુ આજ્ઞાને સ્વીકારી પોતાનો સત્ય માર્ગ સ્વીકારી આગેકૂચ કરી છે તેઓ પામીને જ રહ્યા છે.

પૂર્વ ભવના અદ્ભૂત પુણ્યથી મળી ગયેલી તકને તકદિર બનાવી આપણે આપણું કાર્ય સાધી લઇએ. સમ્યક્દર્શનને પામવા નવતત્વને સમજી... સીખી... વિચારી... ચિંતન-મનન કરી હૃદયમાં ધારણ કરીએ સ્થિર કરીએ.

સંસારને બ્રેક લગાડવાનો આજ એક સહજ-સરળ ઉપાય છે. આદરીએ ભાવથી... સ્વીકારીએ સન્માનથી સફળતા-સિદ્ધિ નિશ્ચિત છે.

**उस्सपिणी अणंता, पुग्गल परिअट्टओ मुणेअव्वो ॥**
**तेणं ताती अद्धा, अणागयद्धा अणंत गुणा ॥५४॥**

અનંત ઉત્સર્પિણી તથા અવસર્પિણીનો ૧ પુદ્ગલ પરાવર્ત્તકાળ જાણવો. તેવા અનંત પુદ્ગલપરાવર્ત્તનો અતીતકાળ અને તેથી અનંતગુણો અનાગતકાળ છે.

દસ કોડાકોડી સાગરોપમની એક ઉત્સર્પિણી...

દસ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી...

આવી અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણી ભેગી મળે. ત્યારે એક પુદ્ગલ પરાવર્તન કાળ થાય.

આવા અનંત અનંત પુદ્ગલ પરાવર્તન વીતી ગયા. આપણે સંસાર સાગરમાં ભટકતા ભટકતા જ રહ્યા. કેવી રીતે પસાર કર્યો હશે આવો લાંબો કાળ ? સુખમાં કે દુઃખમાં ? સંસારમાં સુખ છે જ ક્યાં? જે આપણને મળે. અહીં તો છે નર્યો સુખાભાસ. કદાચ અજ્ઞાનતાથી એને સુખ માની લઇએ તો પણ આવું સુખ પણ અતિ અલ્પ હતું... હતા માત્ર દુઃખના ડુંગરીયા. આવા લાંબા કાળ સુધી વિવિધ દુઃખોને સહન કર્યા.

આગળ ક્યાં સુધી દુઃખો ભોગવવાના ? તે જણાવતાં કહે છે ભૂતકાળ કરતાં અનંત ગુણો ભવિષ્યકાળ છે. દુઃખ ભોગવવા હોય તો ઘણો સમય છે પરંતુ જો દુઃખમાંથી મુક્ત થવું હોય તો પણ એ માટેનો માર્ગ છે.

ક્યો છે આ માર્ગ ?

આ તો માર્ગ છે સિદ્ધગતિનો... મોક્ષ પ્રાપ્તિનો.

**जिण अजिण तित्थ तित्था,**
**गिहि अन्नसलिंगथी नर नपुंसा ।**
**पत्तेय सयं बुद्धा, बुद्ध बोहिय सिद्धणिकाय ॥५५॥**

જિન-અજિન-તીર્થ-અતીર્થ, ગૃહસ્થલિંગ, અન્યલિંગ, સ્વલિંગ, સ્ત્રી, પુરુષ, નપુંસક, પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ, બુદ્ધબોધિત, એક, અનેક એ સિદ્ધના પંદર ભેદ છે.

સિદ્ધપદને પામ્યા પછી બધાજ આત્માઓ સમાન છે. ત્યાં કોઈ જ તરતમતા નથી ભેદ નથી. પરંતુ આપણી જાણકારી માટે સિદ્ધપદ પામતી વખતે જીવની જે બાહ્ય અવસ્થા છે એના આધારે પંદર ભેદથી સિદ્ધ કહેવામાં આવ્યા છે. સ્ત્રી સિદ્ધ બને કે પુરુષ સિદ્ધ બને આત્માનું જ્ઞાન-દર્શન-ચારિત્ર સમાન જ છે. એમાં ક્યાંય કોઈ તફાવત નથી.

અહિં આ ગાથામાં સિદ્ધના નીચે મુજબ ભેદ જણાવ્યા છે.-

(૧) જિન સિદ્ધ (૨) અજિન સિદ્ધ (૩) તીર્થ સિદ્ધ (૪) અતીર્થ સિદ્ધ (૫) ગૃહસ્થલિંગ સિદ્ધ (૬) અન્યલિંગ સિદ્ધ (૭) સ્વલિંગ સિદ્ધ (૮) સ્ત્રીલિંગ સિદ્ધ (૯) પુરુષલિંગ સિદ્ધ (૧૦) નપુંસક સિદ્ધ (૧૧) પ્રત્યેક બુદ્ધ સિદ્ધ (૧૨) સ્વયં બુદ્ધ સિદઘ (૧૩) બુદ્ધબોધિત સિદ્ધ (૧૪) એક સિદ્ધ અને (૧૫) અનેક સિદ્ધ.

**जिण सिद्धा अरिहंता अजिण सिद्धाय पुंडरिअ पमुहा ।**
**गणहारि तिथ्थ सिद्धा, अतिथ्थ सिद्धाय मरुदेवि ।।५६।।**

જિનસિદ્ધ તે તીર્થંકર ભગવંતો, અજિનસિદ્ધ તે પુંડરિક ગણધર વિગેરે, ગણધર ભગવંતો તીર્થસિદ્ધ અને મરુદેવા માતા અતીર્થસિદ્ધ.

તીર્થંકર પદ પામીને જે મોક્ષમાં જાય તે જિન સિદ્ધ કહેવાય છે. દા. ત. આદિનાથ, શાંતિનાથ, પાર્શ્વનાથ, વિગેરે તીર્થંકર ભગવંતો.

તીર્થંકર પદ પામ્યા વિના જે મોક્ષમાં જાય તે અજિન સિદ્ધ કહેવાય છે. દા. ત. પુંડરિકસ્વામી, ગૌતમસ્વામી વિગેરે.

તીર્થંકર પ્રભુ તીર્થની સ્થાપના કરે પછી મોક્ષમાં જાય તે તીર્થ સિદ્ધ કહેવાય છે. દા. ત. ગણધર ભગવંત.

તીર્થંકર પ્રભુ તીર્થની સ્થાપના કરે તે પહેલા જે જીવ મોક્ષમાં જાય તે અતીર્થ સિદ્ધ કહેવાય છે. દા.ત. મરૂદેવા માતા.

**गिहिलिंग सिद्धा भरहो, वलकलचीरी य अन्नलिंगम्मि ।**
**साहू सलिंग सिद्धा थी सिद्धा चंदणा पमुहा ।।५७।।**

ગૃહસ્થલિંગે સિદ્ધ તે ભરત ચક્રવર્તી, અન્યલિંગે સિદ્ધ તે વલ્કલચીરી, સાધુઓ સ્વલિંગસિદ્ધ, અને સ્ત્રીલિંગે સિદ્ધ તે ચંદનબાળા વિગેરે.

ગૃહસ્થના વેષમાં મોક્ષમાં જાય તે ગૃહસ્થલિંગ સિદ્ધ કહેવાય છે. દા. ત. ભરત ચક્રવર્તી.

તાપસ વગેરે અન્ય ધર્મીના વેષમાં મોક્ષમાં જાય તે અન્યલિંગ કહેવાય છે. દા. ત. વલ્કલચીરી.

જૈન સાધુના વેષમાં મોક્ષમાં જાય તે સ્વલિંગ સિદ્ધ કહેવાય છે. દા. ત. જૈન મુનિઓ.

સ્ત્રી લિંગ પણું પામીને મોક્ષમાં જાય તે સ્ત્રીલિંગ સિદ્ધ કહેવાય છે. દા. ત. ચંદનબાળા.

**पुसिद्धा गोयमाइ, गांगेय पमुहा नपुंसया सिद्धा ।**
**पत्तेय सयं बुद्धा भणिया करकंडु कविलाइ ।।५८।।**

ગૌતમ ગણધર વિગેરે પુરુષસિદ્ધ ગાંગેય વિગેરે નપુંસક સિદ્ધ, કરકંડુ મુનિ અને કપિલ વિગેરે પ્રત્યેકબુદ્ધ અને સ્વયંબુદ્ધ સિદ્ધ કહ્યા છે.

પુરુષ લિંગ પામીને મોક્ષમાં જાય તે પુરુષલિંગ સિદ્ધ કહેવાય છે. દા. ત. ગૌતમસ્વામી વગેરે.

કૃત્રિમ નપુંસક વેદ પામીને મોક્ષમાં જાય તે નપુંસકલિંગ સિદ્ધ કહેવાય છે. દા. ત. ગાંગેય વગેરે.

કોઈ પણ પદાર્થ દેખીને પ્રતિબોધ પામીને ચારિત્ર લઈને મોક્ષમાં જાય તે પ્રત્યેક બુદ્ધ સિદ્ધ કહેવાય છે. દા. ત. કરકંડુ રાજર્ષિ.

ગુરુના ઉપદેશ કે અન્ય બાહ્ય નિમિત્ત વિના પ્રતિબોધ પામીને મોક્ષમાં જાય તે સ્વયંબુદ્ધ સિદ્ધ કહેવાય છે. દા. ત. કપિલ કેવળી.

**तह बुद्ध बोहि गुरु बोहिया, इग समय इग सिद्धाय ।**
**इग समअे वि अणेगा, सिद्धा तेणेग सिद्धाय ।।५९।।**

તથા ગુરુથી બોધ પામેલા બુદ્ધબોધિત સિદ્ધ,

વળી એક સમયમાં એક જ સિદ્ધ થયેલા તે એક સિદ્ધ, અને એક સમયમાં અનેક સિદ્ધ થાય તે અનેક સિદ્ધ.

ગુરુ ભગવંતનો ઉપદેશ સાંભળી પ્રતિબોધ પામી દીક્ષા લઇ મોક્ષમાં જાય તે બુદ્ધ બોધિત સિદ્ધ કહેવાય છે. દા. ત. શ્રી સુધર્માદિ ગણધર.

એક સમયમાં એક જ જીવ મોક્ષમાં જાય તે એક સિદ્ધ કહેવાય છે. દા. ત. મહાવીરસ્વામી.

એક સમયમાં અનેક જીવ મોક્ષમાં જાય તે અનેક સિદ્ધ કહેવાય છે. દા. ત. શ્રી આદિનાથ પ્રભુ.

**जइ आइ होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइया ।**
**इक्करस्स निगोयस्स, अणंत भागोय सिद्धि गओ ।।६०।।**

જયારે પણ જિનેશ્વર ભગવંતને પુછવામાં આવે છે ત્યારે તે કહે છે– ''એક નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષમાં ગયો છે.''

જિજ્ઞાસુ જીવને પ્રશ્ન થાય અનાદિ કાળથી સંસાર છે તો અનાદિ કાળથી ધર્મ પણ છે. જીવો સમયે સમયે ધર્મ કરીને પુણ્યાદિનો સંચય કરી શુભ ફળ પામે છે... સમયે સમયે અધર્મ કરીને પાપનો સંચય કરે અશુભ ફળ પણ પામે છે... તેમજ જીવો સંવર અને નિર્જરા દ્વારા કર્મથી મુક્ત થઇને પરમપદ નિર્વાણ પદ –મોક્ષપદને પણ પામે છે.

અનંત અવસર્પિણી વીતી ગઇ... અનંત ઉત્સર્પિણી વીતી ગઇ...

અનંત તીર્થંકર થયા... અનંત ગણધર ભગવંતો થયા...

અનંત કેવલી ભગવંતો પણ થયા...


તો પછી મોક્ષમાં કેટલા જીવો ગયા હશે ?

ક્યારેક તો ઘણાઓને પ્રશ્ન થાય છે કે – ''શું એક દિવસ એવો નહીં આવે જયારે સંસારના બધા જ જીવો મોક્ષમાં ચાલ્યા જશે ? આખો સંસાર ખાલી થઇ જશે ?''

આવા બધા જ પ્રશ્નોના જવાબ ઉપરોક્ત ગાથામાં આપવામાં આવ્યા છે. જિનેશ્વર ભગવંતને કોઇ પણ સમયે પુછવામાં આવે કે – ''મોક્ષમાં કેટલા જીવો ગયા ?'' ત્યારે જિનેશ્વર ભગવંત એક જ જવાબ આપે છે– '' એક નિગોદનો અનંતમો ભાગ જ મોક્ષમાં ગયો છે.''

એક નિગોદના બધા જીવો પણ ક્યારેય મોક્ષમાં જવાના નથી તો સંસાર ખાલી થવાનો પ્રશ્ન જ સંભવતો નથી.

સંસારનો ક્રમ તો આવોજ રહેવાનો છે... ચાલવાનો છે... આપણે એમાંથી કામ કાઢીને મુક્ત બની જઇએ.



# તીર્થંકરોની જીવન યાત્રા

## (શાસનપતિ પ્રભુ મહાવીર સ્વામી)

-અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરિ મ.સા.

સાધનાની કેડી કંડારતા... અનેકોના માર્ગદર્શક બનતા... વિવિધ તપશ્ચયાઓ કરી કર્મ ક્ષય કરતા પ્રભુએ દસમું ચાતુર્માસ શ્રાવસ્તી નગરીમાં આવીને કર્યું. ત્યાં પ્રભુજીએ વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ કરી અને પારણું નગરની બહાર ર્ક્યું.

પછી વિચરતા-વિચરતા ગામ-નગરને પાવન કરતાં પ્રભુજી અનાર્ય લોકોની વસ્તીવાળો દ્દઢભૂમિમાં આવ્યા. ત્યાં પેઢાલ ગામની બહાર પોલાસ ચૈત્યમાં અઠ્ઠમ તપ કરીને એક રાત્રી પડીમા ધારીને રહ્યા. આ સમયે સૌધર્મેન્દ્રે પોતાની સભામાં કહ્યું કે- ''શ્રી વીરપ્રભુના ધ્યાનમગ્ન ચિત્તને ચલાયમાન કરવા માટે ત્રણ જગતમાં કોઈપણ સમર્થ નથી.'' ઈન્દ્રે કરેલ વીરપ્રભુની આ પ્રશંસાને નહીં સહન કરનારા ત્યાં બેઠેલા સંગમ નામના દેવે કહ્યું કે- ' હે દેવેન્દ્ર ! તમે કરેલ આ પ્રશંસા દેવોના અપમાન સ્વરૂપ છે. આ રીતે પ્રશંસા ન કરવી જોઈએ. હું તેને ક્ષણવારમાં ચલાયમાન કરી આવું છું. એ મનુષ્યનો શો ભાર છે કે તે દેવોથી ચલિત ન થાય' એમ કહી ક્રોધથી ધમધમતો સંગમદેવ પ્રભુ પાસે આવ્યો અને તેણે પ્રથમ એવી ધૂળની વૃષ્ટિ કરી કે તેથી પ્રભુના મુખ, નાક, કાન, આંખ વગેરે શરીરના અવયવો એવા પૂરાઈ ગયા કે જેથી પ્રભુજી શ્વાસોશ્વાસ લેવા પણ અસમર્થ થઈ ગયા. પછી વજ્રમુખવાળી કીડીઓ વિકુર્વિ જે કીડીઓ પ્રભુના શરીરમાં એક બાજુથી જઈ બીજી બાજુથી નીકળવા લાગી તેથી પ્રભુનું શરીર ચાલણી જેવું તે દેવે કરી નાંખ્યું. પણ પ્રભુ મનથી ચલિત ન થયા, પછી વજ્ર સમાન ડંખ દેનારા ડાંસ મચ્છરો ઉત્પન્ન કરી એવા ડંખ દેવરાવ્યા કે જેથી પ્રભુના શરીરમાંથી ગાયના દૂધ સમાન લોહી નીકળવા લાગ્યું. પછી તીક્ષ્ણ મુખવાળી ધીમેલોથી આખા શરીરે ચટકાઓ દેવરાવી દુઃખ આપવા માંડ્યું પછી વીંછીઓ વિકુર્વી પ્રભુના શરીરમાં કઠોર ડંખ મારીને આખા શરીરને ભેદી નાંખ્યું. પછી વિકુર્વેલા નોળીઆઓએ ઉગ્ર દાઢોથી પ્રભુના શરીરનું માંસ દોડી દોડીને તોડવા માંડ્યું, ત્યાર પછી વિકુર્વેલા સર્પો દાઢો ભાંગી જાય તેટલા જોરથી ડંખો મારવા લાગ્યા, પછી વિકુર્વેલા ઉંદરોએ પ્રભુના શરીરને કરડવા માંડ્યું, પછી વિકુર્વેલા હાથીઓ પ્રભુને સૂંઢથી પકડી ઉછાળી દંતશુળથી ઝીલી દાંતોથી પ્રહાર કરી પગથી કચડવા લાગ્યા, પછી વિકુર્વેલી હાથણીઓએ પણ હાથીઓને જેમ પ્રહાર કરી પીડ્યા, પછી વિકુર્વેલા પિશાચોએ અટ્ટહાસ્યાદિ ઘોર ઉપસર્ગો કરી પ્રભુને પીડ્યા, પછી વિકુર્વેલા વાઘોએ વજ્ર જેવી દાઢોથી અને અત્યંત તીક્ષ્ણ નખોથી પ્રભુના શરીરને વિદારીને અત્યંત પીડ્યા. પછી વિકુર્વેલા સિદ્ધાર્થરાજા અને ત્રિશલારાણી વિલાપ કરતાં કહે છે કે, હે, પુત્ર ! તું અમને બચાવી લે. અમે તારા વિના કોઈથી બચી શકીએ તેમ નથી. આ રાક્ષસો અમને બહુજ પીડી રહ્યા છે. અમને એમાંથી કોઈપણ રીતે છોડાવ, નહીં તો આ અમારા પ્રાણ લેશે વગેરેથી પ્રભુને પીડા આપી. પછી સેનાની વિકુર્વેલી છાવણીના માણસોએ પ્રભુના પગોને ચૂલો બનાવી અગ્નિ સળગાવી ઉપર વાસણ રાખી ભાત વગેરે રાંધવા માંડી પ્રભુને પીડ્યા. પછી વિકુર્વેલા ચાંડાળોએ તીક્ષ્ણ ચાંચવાળા પક્ષીઓનાં પાંજરાઓ પ્રભુનાં જંઘા, બાહુ, કાન વગેરે

અવયવોમાં લટકાવ્યાં. તેના પક્ષીઓએ પ્રભુના શરીરને તીક્ષ્ણ ચાંચ અને નખોના પ્રહારથી જર્જરિત કરી પીડ્યા. પછી વિકુર્વેલા પ્રચંડ પવનથી પ્રભુને ઉછાળી ઉછાળીને નીચે પટકીને પીડ્યા. પછી વિકુર્વેલા વંટોળિયા પવનથી પ્રભુને ચક્રની પેઠે ભમાડીને પીડ્યા, પછી જેના માથે પડવાથી મેરુપર્વતની ચૂલિકાનું પણ ચૂર્ણ થઇ જાય તેવું એક હજાર ભાર પ્રમાણનું ચક્ર વિકુર્વી પ્રભુ ઉપર તેનો જોરથી પ્રહાર કર્યો. તે ચક્રના પ્રહારથી પ્રભુ ઢીંચણ જેટલા જમીનમાં ગયા. પછી પ્રભાત વિકુર્વીને– હે દેવાર્ય ! ક્યાં સુધી ધ્યાનમાં રહેશો ? ક્યારથી પ્રભાત થઇ ગયેલ છે.' વગેરે કહ્યું પણ પ્રભુએ જ્ઞાનથી જાણ્યું કે હજી રાત્રિ બાકી છે એટલે સ્થિર જ રહ્યા. પછી અંતે તે સંગમદેવે દેવોની ઋદ્ધિ વિકુર્વીને કહ્યું કે 'હે મહર્ષિ ! હું પ્રસન્ન થયો છું તમારા આ તપ ધ્યાનથી, માટે, માગી લ્યો કહો તો સ્વર્ગ આપું અને કહો તો મોક્ષ આપી દઉં.' આવું સાંભળ્યા છતાં પ્રભુ કાંઇ બોલ્યા નહિ. એટલે તે સંગમદેવે વિકુર્વેલી દેવાંગનાઓ ચલિત કરવા માટે અનેક અનુકૂળ ઉપસર્ગો કરવા લાગી. પરંતુ પ્રતિકૂળ કે અનુકૂળ એવા કોઇપણ ઉપસર્ગથી પ્રભુ જરા પણ ચલાયમાન ન થયા. સંગમદેવે એકજ રાતમાં મોટા મોટા વીશ ઉપસર્ગો કરીને પ્રભુને હેરાન હેરાન કરી દીધા છતાં કરુણાવંત પ્રભુએ સંગમદેવ ઉપર કરુણા જ વર્ષાવી. અહીં કવિની કલ્પના એવી થઇ કે જેમનામાં જગતનો નાશ કરવાની અને ઉદ્ધાર કરવાની પણ શક્તિ છે તેવા અને તે બળવાળા એ વીર પ્રભુએ આવા વગર કારણે હેરાન કરનારા સંગમદેવ ઉપર પણ ક્રોધ ન કરતાં કૃપાજ વરસાવી તો પછી એમની પાસે રહેવાથી આપણી કિંમત શી? એવા વિચારથી જાણે હોય નહિ તેમ ક્રોધ પ્રભુને મૂકીને ચાલ્યો ગયો.

પ્રભુએ ત્યાંથી દિવસે વિહાર કર્યો. સંગમદેવની દુષ્ટતા હજી ગઇ ન હતી તેથી પ્રભુ જયાં જયાં જવા લાગ્યા ત્યાં ત્યાં આહારને અનેષણીય કરવા લાગ્યો, અને બીજા પણ ઘણી જાતના ઉપસર્ગો કરવાનું ચાલુ રાખ્યું. આ દેવના ઉપસર્ગોથી અને પ્રયત્નોથી પ્રભુના છ માસના ઉપવાસ થઇગયા પરંતુ પ્રભુએ અનેષણીય આહાર વહોર્યો નહીં. છ માસ પછી પ્રભુ વજ્ર ગામના ગોકુલમાં ગોચરી માટે ગયા. ત્યાં પણ તે સંગમદેવે અનેષણીય કરેલ આહાર હોવાથી પ્રભુ આહાર લીધા વિના જ પાછા ફરી ગામની બહાર કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. પછી સંગમદેવ આવી જાતના અતિ ઉગ્ર કષ્ટો મેં આપ્યા છતાં પ્રભુ અસ્ખલિત વિશુદ્ધ પરિણામવાળા જ રહ્યા છે એ જાણીને ઝંખવાણો પડી જઇ પ્રભુને વંદન કરી કહેવા લાગ્યો કે હે પ્રભુ! સૌધર્મેન્દ્રે આપના સત્ત્વની દેવસભામાં જે પ્રશંસા કરી હતી તે બરાબરજ છે. મેં આપના ઘણા અપરાધ કર્યા છે એની મને ક્ષમા આપો. એમ કહી ઇન્દ્રની બીક મનમાં રાખતો છતાં દેવલોક તરફ ગયો.

પ્રભુ ત્યાંથી આલંભિકા નગરી આવ્યા. ત્યાં હરિકાંત નામનો ભવનપતિનો ઇન્દ્ર પ્રભુને સુખશાતા પૂછવા આવ્યો, પ્રભુ ત્યાંથી શ્વેતાંબિકા નગરીમાં આવ્યા ત્યાં હરિસ્સહ નામે ભવનપતિનો ઇન્દ્ર પ્રભુને સુખશાતા પૂછવા આવ્યો. પ્રભુ ત્યાંથી શ્રાવસ્તીનગરીએ આવ્યા. ત્યાં કાર્તિકસ્વામીની મૂર્તિમાં અવતરીને ઇન્દ્રે પ્રભુને વંદન કરેલ તેથી ત્યાં પ્રભુનો મોટો મહિમા પ્રવર્ત્યો. પ્રભુ ત્યાંથી કૌશાંબીનગરીએ આવ્યા ત્યાં સૂર્ય અને ચંદ્ર પ્રભુને વંદન કરવા આવ્યા. ત્યાંથી પ્રભુ વારાણસીએ આવ્યા ત્યાં સૌધર્મેન્દ્રે આવીને પ્રભુને વંદન કર્યું. પ્રભુ રાજગૃહી નગરી આવ્યા ત્યાં ઇશાનેન્દ્રે આવીને વંદન કર્યું. ત્યાંથી પ્રભુ મિથિલામાં આવ્યા ત્યાં જનકરાજાએ તથા ધરણેન્દ્રનાગરાજાએ આવીને વંદન કર્યું. ત્યાંથી પ્રભુએ વૈશાલીનગરીએ

આવીને અગીઆરમું ચાતુર્માસ કર્યું. ત્યાં ભૂત નામના ભવનપતિના દેવે આવીને વંદન કર્યું. ત્યાંથી પ્રભુ સુસુમાર પુરે આવ્યા,એ સમયે ચમરેન્દ્રનો ઉત્પાત થયો. પ્રભુનુ શરણું લેવાથી સૌધર્મેન્દ્રે ચમરેન્દ્રને છોડી દીધો. ત્યાં પ્રભુને સૌધર્મેન્દ્રે અને ચમરેન્દ્રે વંદન કર્યું.

ત્યાંથી પ્રભુ કૌશાંબીએ આવ્યા. ત્યાં શતાનિક રાજા હતો તેને મૃગાવતી રાણી હતી, ત્યાં પ્રભુએ એવો અભિગ્રહ કર્યો કે દ્રવ્યથી સૂપડાના ખૂણામાં રહેલા અડદના બાકુલા, ક્ષેત્રથી વહોરાવનારનો એક પગ ઊંબરાની અંદર અને એક પગ બહાર હોય, કાલથી સર્વ ભિક્ષાચરો ભિક્ષા લઇ નિવૃત્ત થયા હોય ત્યારે, અનેભાવથી વહોરાવનારી રાજપુત્રી હોય, દાસીપણાને પામેલ હોય, તેનું મસ્તક મુંડાવેલ હોય, પગમાં બેડી હોય, રૂદન કરતી હોય, અને અઠ્ઠમ તપવાળી હોય એવી કુંવારી સ્ત્રી વહોરાવે તો જ વહોરવું નહીં તો ઉપવાસી રહેવું. પોષવદિ એકમે પ્રભુ કૌશાંબીમાં આવ્યા તેજ દિવસે આવો આકરો અભિગ્રહ પ્રભુએ લીધો. પછી ભિક્ષા સમય વીતી ગયા બાદ પ્રભુ દરરોજ ભિક્ષાર્થે નગરીમાં જતા. રાજા પ્રધાન વગેરેએ ઘણા ઘણા ઉપાયો કર્યા પરંતુ અભિગ્રહ પૂરો થતો નહીં તેથી પ્રભુ દરરોજ ભિક્ષા લીધા વિના જ પાછા ફરતા.

આ સમયે શતાનિક રાજા ચંપાનગરીના રાજા ઉપર ચડી આવ્યો. યુદ્ધ જામ્યું. તેમાં ચંપાનગરીનો રાજા દધિવાહન પરાજિત થયો, તે રાજાની રાણી ધારિણીને અને કુમારી વસુમતીને કોઇક સૈનિક પકડી લઇ ગયો, તે સૈનિકે રાણી ધારિણીને પોતાની પત્ની બનવાનું કહેતાં તે રાણી પોતાની જીભ કચડી મરણ પામી. તેથી સૈનિક વસુમતિને પોતાની પુત્રી તરીકે કહીને આશ્વાસન આપીને કૌશાંબીની બજારમાં વેચવા લઇ ગયો, ત્યાં આવેલા ધનાવહ શેઠે તે વસુમતિને વેચાતી લઇ પોતાને ઘરે લાવી પુત્રી તરીકે રાખી. વસુમતીની ચંદન જેવી શીતલ વાણી હતી તેથી ધનાવહ શેઠે તેનું ચંદનબાળા નામ રાખ્યું. એક વખતે બપોરે શેઠ ઘેર જમવા આવ્યા ત્યારે બીજી કોઇ દાસી હાજર ન હોવાથી ચંદનબાળાએ શેઠના પગ ધોઇ આપ્યા ત્યારે ચંદનબાળાનો ચોટલો પૃથ્વી પર લટકતો હતો તેને શેઠે ઉંચો કર્યો. તે દશ્ય જોઇને શેઠની પત્ની મૂળાશેઠાણીને થયું કે શેઠ નિશ્ચયે આ યુવાન રૂપવતી બાળાને પોતાની પત્ની બનાવશે. પછી મારા ઉપર સ્નેહ રાખશે નહીં. પછી કોઇક દિવસે ખાસ કાર્ય માટે શેઠ બહાર ગયા ત્યારે મૂળા શેઠાણીએ નાપિતને તેડાવીને ચંદનબાળાનું મસ્તક મુંડાવી નાખ્યું અને એના બન્ને પગમાં બેડી નાંખી, માર મારી એક અંધારા ઓરડામાં નાંખી તાળું દઇ પોતે પોતાને માવતરે જઇને રહી. બહારથી આવ્યા પછી ચોથે દિવસે શેઠને ખબર પડી કે ચંદનબાળાની આવી દશા થઇ છે. શેઠે તરત તે ઓરડામાંથી ચંદનબાળાને બહાર ઉંબરામાં બેસાડી સૂપડાના ખૂણામાં બીજું કાંઇ ન હોવાથી રાંધેલા અડદના બાકુલા નાંખીને તે સુપડું ચંદનબાળાને આપી પોતે બેડી તોડાવવા લુહારને તેડવા ગયા. ચંદનબાળાના ત્રણ ઉપવાસ થઇ ગયા, એટલે તેને વિચાર આવ્યો કે કોઇ અતિથિને આપી પછી બાકુલા વાપરૂં તો સારૂં. આ વખતે શ્રી વીરભગવાન પોતે જ ત્યાં ભિક્ષાર્થે આવ્યા. પ્રભુને આવતા જોઇ ચંદનબાળાને અતિશય આનંદ થયો અને તે વિનંતી કરીને પ્રભુને બાકુલા વહોરાવવા તૈયાર થઇ. પરંતુ પોતાનો અભિગ્રહ હજી સંપૂર્ણ થયો નથી એમ જાણી પ્રભુ પાછા વળ્યા. એથી ચંદનબાળાને અત્યંત દુઃખ થવાથી તેની આંખમાંથી આંસુ સરવા માંડ્યાં. અને તે રડવા લાગી. તે જાણી પ્રભુએ પોતાનો અભિગ્રહ પૂરો થયો જાણી પાછા વળીને ચંદનબાળાને હાથે અડદના બાકુલા વહોર્યા. ત્યારે ત્યાં પ્રસન્ન થયેલા દેવોએ પાંચ દિવ્યો પ્રગટ કર્યા. ઇન્દ્ર ત્યાં આવ્યો,

દેવો આનંદથી નૃત્ય કરવા લાગ્યા, ચંદનબાળાના મસ્તક પર સુંદર વાળ થઇ ગયા તેના પગની બેડીને સ્થાને અત્યંત કીમતી ઝાંઝર થઇ ગયાં, દેવદુંદુભિનાદ સાંભળીને મહારાજા શતાનિક અને મહારાણી મૃગાવતી ત્યાં આવ્યાં. માસી થતી મૃગાવતી રાણી ચંદનાને ઓળખીને તેને મળી. પછી શતાનિક રાજાએ સોનૈયાની વૃષ્ટિનું ધન લેવા માંડ્યું ત્યારે ઇન્દ્રે ચંદનબાળાના કહેવાથી તે ધન ધનાવહ શેઠને લેવા દીધું અને કહ્યું કે આ ચંદનબાળા શ્રી વીરપ્રભુનાં પ્રથમ શિષ્યા થશે. પછી શતાનિક રાજા અને મૃગાવતી ચંદનબાળાને પોતાના મહેલમાં આદરપૂર્વક લઇ ગયાં. પાંચ માસને પચ્ચીસ દિવસના ઉપવાસ પછી પ્રભુનું અડદના બાકુલાથી આ પારણું થયું.

પ્રભુ ત્યાંથી જૃંભિકા ગામે આવ્યા. ત્યાં સૌધર્મેન્દ્રે આવી વંદન કરી ભક્તિથી નૃત્ય કર્યું અને કહ્યું કે પ્રભુ હવે આપને અલ્પ દિવસોમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થાશે. ત્યાંથી પ્રભુ મેંઢિક ગામે આવ્યા ત્યાં ચમરેંન્દ્રે આવીને પ્રભુને વંદન કર્યું. પછી પ્રભુ ષણમાની ગામે આવી, ગામ બહાર પ્રતિમા ધ્યાને ઉભા રહ્યા, ત્યારે એક ગોવાળ પોતાના બળદો પ્રભુ પાસે મૂકીને ગામમાં ગયો. પોતાનું કામ પતાવીને પાછો ત્યાં આવીને બળદોને ત્યાં ન જોવાથી 'હે દેવાર્ય ! મારા બળદો ક્યાં છે ? એમ પ્રભુને પૂછવા લાગ્યો, પ્રભુ તો મૌનપણે ધ્યાનમાં જ રહ્યા, તેથી અત્યંત ક્રોધિત થયેલ તે ગોવાળે પ્રભુના બન્ને કાનમાં લાકડાના બે ખીલા એવી રીતે હથોડાથી ઠોકી દીધા કે તે બન્ને બાજુથી કાનમાં ગયેલા તે બે ખીલાની અણીઓ એકબીજાને અડી ગઇ અને કાન બહાર રહેલ ખીલાના ભાગને તે ગોવાળે કાપી નાંખ્યા જેથી કોઇ પકડીને ખીલા બહાર ખેંચી ન શકે. આવો ઘોર ઉપસર્ગ પણ પ્રભુએ ખૂબજ સમતાભાવે સહન કરવા માંડ્યો. કાનમાં ખીલા ઠોકાય એવું કર્મ પ્રભુએ ત્રિપૃષ્ટ વાસુદેવના ભવે શય્યા પાલકના કાનમાં તપાવેલા સીસાનો રસ રેડાવીને બાંધેલ હતું તે કર્મ મહાવીરના ભવમાં ઉદય આવ્યું. તેજ શય્યા પાલક ઘણા ભવ ભમીને આ ગોવાળ થયો હતો. પ્રભુ ત્યાંથી મધ્યમ અપાપા નગરીએ આવ્યા ત્યાં સિદ્ધાર્થ વણિકને ઘરે ભિક્ષાર્થે ગયેલ પ્રભુને ત્યાં બેઠેલા તે વણિકના મિત્ર ખરક વૈદ્યે જોયા. વૈદ્યને પ્રભુનું શરીર શલ્ય સહિત લાગ્યું, તેથી વૈદ્યે સિદ્ધાર્થ વણિકને સાથે લઇને જ્યાં પ્રભુ કાઉસગ્ગ ધ્યાને ઉભા હતા ત્યાં પહોંચી તપાસ કરીને કાનમાં શલ્ય જાણી સાણસીઓથી પ્રભુના કાનોમાંથી બન્ને ખીલા ખેંચી લીધા. તે વખતે પ્રભુથી એવી ચીસ નીકળી ગઇ કે જેથી આખું ઉદ્યાન ખળભળી ઊઠ્યું. તે સ્થાને લોકોએ દેવમંદિર બંધાવ્યું. પ્રભુને સંરોહિણી ઔષધિથી સારા કરી વૈદ્ય અને સિદ્ધાર્થ વણિક વંદન કરીને પોતાને સ્થાને ગયા. પ્રભુના ઉપસર્ગોની શરૂઆત અને સમાપ્તિ પણ ગોવાળીઆથી જ થઇ. પ્રભુને થયેલ ઉપસર્ગોમાં કટપૂતના વ્યંતરીએ શીતોપસર્ગ કરેલ તે જઘન્યોમાં ઉત્કૃષ્ટ ઉપસર્ગ જાણવો. સંગમદેવે માથામાં મારેલ કાલચક્રનો ઉપસર્ગ મધ્યમોમાં ઉત્કૃષ્ટ જાણવો અને કાનમાંથી ખીલા ખેંચવાનો ઉપસર્ગ ઉત્કૃષ્ટોમાં ઉત્કૃષ્ટ જાણવો.. એ બધા ઉપસર્ગો શ્રી વીરપ્રભુએ શાન્તિ, સમતા અને નિશ્ચલતાપૂર્વક સમ્યક્ રીતે સહન કર્યા.

આવા પ્રકારે ઉપસર્ગોને સમતાથી સહન કરતા, કર્મ શત્રુનો નાશ કરવામાં ઉદ્યમવંત થયા છતાં પ્રભુ મહાવીર મહાન આત્મગુણોમાં લીન થયા. સર્વ ગુણસમૂહ વડે આત્માને ભાવતા ભાવતા બાર વર્ષ વીતાવે છે એ છદ્મસ્થપણામાં સાડાબાર વર્ષોમાં શ્રી વીર પ્રભુએ જે તપ કરેલ છે તે કહે છે. –

| તપનું નામ | | તપ દિવસ | પારણાના દિવસ | કુલ્લ દિવસ |
|---|---|---|---|---|
| એક છમાસી... | | ૧૮૦ | ૧ | ૧૮૧ |
| એક છમાસી પાંચ દિવસ ઓછા.. | | ૧૭૫ | ૧ | ૧૭૬ |
| નવ ચોમાસી..... | ........ | ૧૦૮૦ | ૯ | ૧૦૮૯ |
| બે ત્રણમાસી..... | ........ | ૧૮૦ | ૨ | ૧૮૨ |
| બે અઢીમાસી.... | ........ | ૧૫૦ | ૨ | ૧૫૨ |
| છ બેમાસી....... | ........ | ૩૬૦ | ૬ | ૩૬૬ |
| બે દોઢમાસી..... | ........ | ૯૦ | ૨ | ૯૨ |
| બાર માસખમણ... | ........ | ૩૬૦ | ૧૨ | ૩૭૨ |
| બોતેંર પક્ષક્ષમણ.. | ........ | ૧૦૮૦ | ૭૨ | ૧૧૫૨ |
| બાર અટ્ઠમ....... | ........ | ૩૬ | ૧૨ | ૪૮ |
| બસો ઓગણત્રીસ છટ્ઠ | ........ | ૪૫૮ | ૨૨૯ | ૬૮૭ |
| એક ભદ્ર પ્રતિમા..... | ........ | ૨ | – | ૨ |
| એક મહાભદ્ર પ્રતિમા... | ........ | ૪ | – | ૪ |
| એક સર્વતોભદ્ર પ્રતિમા | ........ | ૧૦ | ૧ | ૧૧ |

તપ તથા પારણાના સર્વ દિવસો ૪૫૧૪ એવી રીતે તપના દિવસોના વર્ષ સાડા અગીઆર અને દિવસ પચ્ચીસ થયા. પારણાના સર્વ મલી દિવસ ત્રણસો પચાસ એટલે એક વર્ષમાં અગીયાર દિવસ ઓછા. તથા તપ અને પારણાના મલીને સાડાબાર વર્ષ અને ચૌદ દિવસ થયા.

પ્રભુએ જે જે તપ કરેલ તે ચોવિહારજ કરેલ. તેમ છટ્ઠથી ઓછું તપ કરેલ નથી. તેમ સાથે બે દિવસ પણ ક્યારે આહાર કરેલ નથી. આ રીતે તેરમા વર્ષનાં મધ્યમાં વૈશાખ શુકલ દશમીના દિવસે જૃંભિક ગ્રામના નગરની બહાર ઋજુવાલુકા નામની નદીના કાંઠે શાલવૃક્ષની નીચે ગોદોહિક આસનથી આતાપના લેતા એવા શ્રી વીરપ્રભુને ચોવિહાર છઠ્ઠ તપ છતે શુકલધ્યાનના પ્રથમ બે ભેદનું ધ્યાન કરતા એવા પ્રભુજીને અનંતવસ્તુઓના વિષયો પ્રગટ કરનારૂં તેમજ ઉપમા ન આપી શકાય એવું સર્વ પ્રકારે પરિપૂર્ણ, ઉત્તમોત્તમ એવું **''કેવળજ્ઞાન અને કેવળદર્શન''** ઉત્પન્ન થયું.